# અધ્યાત્મ



વર્ષ : ૧૯ જૂન-૧૯૯૮ અંક : ૯

## * વાસ્તવિક જીવન કેવું? *

વાસ્તવિક જીવનમાં માણસની દશા કે ભૂમિકા કેવી છે? શાસ્ત્રો ને સંતો તેને મુક્ત તથા કાયમને માટે મુક્ત કહી બતાવે છે, પણ તેનાં નાનાં ને મોટાં બંધનોનો પાર નથી. આકાશના તારા જેટલાં અનંત ને સાગરનાં તરંગ જેમ અગણિત છે, તેમ તેના ક્લેશ પણ અનંત ને અગણિત છે એમ કહીએ તો કાંઇ ખોટું નથી. શાસ્ત્રો ને સંતોની પાસેથી તે સાંભળે છે કે પોતે પરમ શાંતિની મૂર્તિ છે પરંતુ સંસારના રંગમંચ પર જીવનના જટિલ અભિનયમાં શાંતિ ને સુખનો અનુભવ કરવાને બદલે તે મોટે ભાગે અશાંતિ ને દુઃખનો જ અનુભવ કરતો હોય છે. પ્રેમને બદલે વેર, દ્વેષ કે ધિક્કાર ને અભેદને બદલે ભેદભાવમાં જ તે વધારે રમતો હોય છે. મૂળસ્વરૂપે તે મૃત્યુંજય કે અમર છે એમ તેને કહેવામાં આવે છે. તો પણ, મૃત્યુના વિચારથી તે કંપે છે, ક્લેશ પામે છે ને ભયગ્રસ્ત બને છે. બીજા પણ કેટલીય જાતના ભય તેને સતાવે છે. પરમાત્મા વિના બીજું કાંઇ જ નથી ને તે પોતે પણ પરમાત્માનું જ રૂપ છે એમ એને કહેવામાં આવે છે. તે સાંભળીને તેને આનંદ પણ થાય છે. પરંતુ હકીકત એ હોય છે કે પરમાત્મા સિવાય તેને બીજું બધું જ દેખાય છે ને પરમાત્મા સાથેની એકતાનો અનુભવ એને માટે આકાશ-કુસુમ જેવો અશક્ય થઇ પડે છે. પરમાત્માના દર્શન ને પરમાત્માની સાથેની એકતાના અનુભવ માટે એ કોઇ વાર પ્રયાસ કરવા પ્રેરાય છે ને પ્રયાસ કરે પણ ખરો, પણ તેવો પ્રયાસ તેના જીવનકાળમાં ભાગ્યે જ સફળ થાય છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમૃતપળોના આસ્વાદ–૧ | કલ્યાણ | ૧૦ |
| શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | શ્રીયશસ્વીભાઇ ય. મહેતા | ૧૫ |
| ગાયત્રીમિમાંસા–(૧) | પરમાર્થી | ૨૦ |
| 'અનામી'–અભાગિયો ! | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૬ |
| A Mother's Touch | Kunal, Maitreyee, Pooja. | ૨૮ |
| માનો સ્પર્શ | તંત્રી | ૨૯ |
| પ્રશ્નોત્તરી | યોગેશ્વરજી | ૩૩ |
| બ્રહ્મલીન સાક્ષાત્કારી સંત વંદનીય રંગ અવધૂત મહારાજ | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૩૮ |
| પૂ. શ્રીના પત્રોમાંથી આધ્યાત્મિકતાનું અમૃત–૨ | ડો. બી. જે. જાગાણી | ૪૪ |
| મનને પાઠ ભણાવવાની શ્રી મસ્તરામજીની અનોખી રીત | અજ્ઞાત લેખક | ૪૯ |
| અડિયાર નદીના યોગીનો મેળાપ | યોગેશ્વર | ૫૪ |
| રામકથા | યોગેશ્વર | ૬૨ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૯ જૂન–૧૯૯૮ અંક : ૯


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩–૬–૮૧, બુધવાર, જેઠ સુદ પડવો, ૨૦૩૭, સ્થળ : જેઠાલાલ ત્રિવેદીનો બંગલો, કોટેજ હોસ્પીટલ સામે, અંબાજી.**

તા. ૩–૬–૮૧ ના દિવસની નોંધનું લેખન કરે છે.

છ વાગી ગયા. સૌને છ વાગ્યે મળીશું એમ પૂ. શ્રીએ કહ્યું હતું, જેથી શ્રી બાબુભાઇ, શ્રી કલ્યાણજી, શ્રી મધુબેન તથા શ્રી મીનાબેન છ ને ૧૦ મિનિટે પૂ. શ્રી પાસે પોતાના ઉતારા ઉપરથી આવી જાય છે.

લગભગ ૭ વાગ્યા સુધી પૂ. શ્રી પોતાના રૂમમાં જ બેઠા છે. જેમાં કલ્યાણે મૂકેલી માંદગીની રજાની વાત નીકળી છે.

પૂ. શ્રી કહે છે : જ્યાંસુધી ભવરોગ લાગ્યો છે, ત્યાંસુધી

માંદગીની રજા લઇ દોડો, તત્ત્વજ્ઞાનની ભાષામાં કહીએ તો એ મનની જ માંદગી છે.

એ રીતે યોગીઓ દિવસે ઊંઘે ને રાત્રે જાગે તો દિવસે તેઓ સંસાર પ્રત્યેની માંદગી અનુભવે છે, એટલે એ પણ માંદગી જ ગણાય છે.

ત્યાં વળી સર્વેશ્વરી મીનાબેનને પૂછે છેઃ—"ગમે છે ને!"

પૂ. શ્રી : ગમવું જ જોઇએ. હમણાં જ આનંદના—મોજના દિવસો છે. લગ્ન નથી થતું તો આનંદથી રહેવાનું. પ્રભુએ આપ્યું છે તો રહો.

પછી તો મંકોડાની કોઠી જેવી સંસારની માયા છે. તેમાં જાણીએ છીએ કે મંકોડા ચટકા ભરશે જ, છતાં સૌ પડે છે.

એટલે હમણાં તો મીનુબેન એ માયામાંથી મુક્ત છે. એટલે આનંદ છે.

વળી થોડી રાજકારણની વાતો ભૂપતભાઇ સાથે થાય છે.

ત્યારબાદ કોટેશ્વર જવા માટે આ ઘરની ગાડીમાં સૌ ગોઠવાય છે.

કોટેશ્વર મહાદેવનાં દર્શન કરી અમે ગામમાં અંબાજીના દર્શને જઇ આવ્યાં. ત્યાંથી આવતાં રાત્રે ૯ થઇ ગયા.

ઉતારાપર આવી પૂ. શ્રીએ ખીચડી ને દૂધ લીધાં. બાદ શ્રી કલ્યાણ પૂ. શ્રીના કપડાં લેવા આવ્યા જેથી પૂ. શ્રી તેને પોતાના કપડાં આપે છે. સર્વેશ્વરી ડાયરી લેખન કરે છે. ત્યારબાદ આરામ કરે છે.



**તા. ૪–૬–૮૧, ગુરુવાર, જેઠ સુદ બીજ, ૨૦૩૭, સ્થળ : જેઠાલાલ ત્રિવેદીનો બંગલો, કોટેજ હોસ્પીટલ સામે, અંબાજી.**

સવારે સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, દૂધ ને લેખન શરૂ થાય છે. પૂ. શ્રી લેખનકાર્યમાં મગ્ન બને છે.

ત્યાર પછી પૂ. શ્રીની રજા લઇ સર્વેશ્વરી 'રેવાપ્રભુસદન'ના ઉતારા પર જાય છે. ત્યાંથી સાથે આવનાર ભાઇબેનો માટે જીપની વ્યવસ્થા કરાવી ફરી અહીં ઉતારા પર આવી જાય છે.

બરાબર સાડા અગિયારે ભોજન લઇ ૧૨ થી ૧ ની મુલાકાતમાં બેસતા પહેલાં સાંઇબાબાની સ્તુતિ બોલવામાં આવે છે. શ્રી કલ્યાણ પૂ. શ્રી માટે લસ્સી લાવે છે. પૂ. શ્રી તે લે છે. ત્યાર બાદ આરામ કરે છે.

આરામ બાદ અહીંથી આબુ રોડ જવા માટે ૨૨ કિલોમીટર દૂર છે. અંબાજીથી જીપકારમાં જવું હોય તો પેસેન્જર દીઠ ૧૦ રૂા. ચાર્જ હોય છે. તે મુજબ સાથીદારો જીપમાં જશે.

સાથીદારો આબુ જવા વિદાય થયા. અમે લગભગ ૭ વાગ્યે અંબાજીથી ગાડીમાં આબુ જવા નીકળ્યા. લગભગ ૪૬ કિલોમીટરનું અંતર કાપી અમે માઉન્ટ આબુ ઉપર ૮.૧૫ મિનિટે આવી ગયાં.

નટરાજ ને વિહાર હોટલ પાસે આમદાવાદના શ્રી જીવણ-ભાઇનો બંગલો છે. ત્યાં અમારી ગાડી બસસ્ટેન્ડથી લાવવામાં આવી.

બાંધકામ ચાલુ હતું. રૂમ નાનો ને એક દિવસનો વિશ્રામ થઇ શકે એવો હતો, જેથી એ રૂમમાં જ સામાન મૂકી દીધો ને 'નખી' તળાવ તરફ જગ્યા જોવા લગભગ ૧॥ કલાક ફર્યાં. સરસ્વતી,

નવજીવન, ભારતી, દુલેશ્વર મહાદેવનાં રૂમો જોયા. સરસ્વતી ને નવજીવનમાં તો જગ્યા જ ન હતી.

છેક સાડા નવે ફરીને આવી ગયા. ઠંડુ પાણી શ્રી કલ્યાણ લઇ આવ્યા તે પીને આરામ જ કર્યો.

આજે ઘણા દિવસે આટલો શારીરિક શ્રમ પડયો જેથી પૂ. શ્રીનું શરીર પણ થાક અનુભવતું હતું. તેથી આરામથી થોડી રાહત થશે એવી કલ્પના કરી આરામ જ કર્યો.

**તા. ૫-૬-૮૧, શુક્રવાર, જેઠ સુદ ત્રીજ, ૨૦૩૭, સ્થળ : શ્રી જીવણભાઇનો બંગલો, નટરાજ હોટલ પાસે, માઉન્ટ આબુ.**

સવારે ચાર વાગે પૂ. શ્રી ઊઠી જાય છે. સ્નાન બાદ પૂ. શ્રી વ્યાયામ કરે છે. સર્વેશ્વરી પણ સ્નાનથી નિવૃત્ત થઇ માળા કરે છે.

બરાબર નવ વાગ્યે પૂ. શ્રીએ રૂમનું દ્વાર ખોલવાનો આદેશ આપ્યો, જેથી દ્વાર ખુલે છે. સર્વેશ્વરી હરિઃ ૐ કહે છે. જેથી શ્રી કલ્યાણ વગેરે અંદર આવે છે.

**પૂ. શ્રી પૂછે છે :** રાત્રે ઊંઘ આવી હતી? થાક્યા હશો એટલે ઊંઘ તો આવી જ ગઇ હશે.

**શ્રી મીનાબેન :** અમને તો જરાય ઊંઘ ન હતી આવી. માંકડ, મચ્છરનો ખૂબ ત્રાસ હતો. એટલે બાબુભાઇ સિવાય અમે કોઇ ઊંઘ્યા ન હતાં.

**પૂ. શ્રી :** ઊંઘ ન આવે તો કાંઇ નહીં, એ તો સારું ગણાય. નાનપણથી ઊંઘતા જ આવ્યા છીએને!

ઊંઘવા માટે બે વાત જરૂરી છે. એક તો દિવસમાં બે થી ત્રણ વાર મધ એક એક ચમચી લેવું. જેથી ઊંઘ આવી જાય.



બીજું માળા લઇને ઊંઘ ન આવે ત્યાંસુધી જપ કરવા. માળા સૂતાં સૂતાં કરો. જુઓ, પછી માળા ક્યારે પડી જાય ને ઊંઘ આવી જાય તે ખબર જ ના પડે.

વિષયી જીવનો સ્વભાવ જ છે કે તે માળા લે એટલે ઊંઘે જ. અનાદિકાળથી માનવ જપતો આવ્યો ને ઊંઘતો જ આવ્યો.

અનિદ્રાના વ્યાધિવાળાએ એ માળા જપવી. ભગવાનનું જ નામ જપવું ને ન જપાય તો પોતાનું જપો. છબીલદાસ છબીલદાસ છબીલદાસ જપો (સૌ હસે છે.) શ્રદ્ધા ન હોય તો, ભગવાનનું નામ ન ગમે, તો પોતાનું જપો. ભગવાન પણ છેલછબીલા જ હતા ને!

એટલે ઊંઘ લાવવા માટે મધ ને માળા.

ત્યાર બાદ ઉતારાની વાતો વિચારવામાં આવી. રઘુનાથજીના મંદિરનો ઉપરનો ટેકરીપરનો રૂમ સરસ છે. ચઢવું પડે, પણ ઘણો સારો છે. એટલે ત્યાં પૂ. શ્રીને ફાવશે અને અમને મજૂર મહાજનનો એક બ્લોક મળ્યો છે. ત્યાં અમને ફાવશે. વળી ઉપરનો પણ એક રૂમ ખાલી થયો છે. તે જોઇ લેવાનું સૌએ પૂ. શ્રીને કહ્યું.

પૂ. શ્રી તે જોવા માટે સંમત થયા, જેથી ઉપર ૧૫ પગથિયાં ચઢીને પૂ. શ્રીએ ઉપરનો રૂમ જોઇ લીધો. વળી નખી તળાવ પરના બે ઉતારા પણ જોઇ લીધા.

રઘુનાથજીનો ઉતારો, મજૂર મહાજનનો કે શ્રી જીવણભાઇનો રૂમ એ ત્રણમાંથી પૂ. શ્રીએ પસંદગી કરવાની હતી.

પૂ. શ્રીએ એક નાનકડી કાપલી પર પરમ શક્તિની રજા લીધી. તેણે જીવણભાઇના રૂમની જ સંમતિ આપી. જેથી અમે સૌ

ફરી મૂળ ઉતારા પર આવી ગયા. સામાન નીચેના રૂમમાંથી ઉપર લઇ ગયા. ગોઠવાઇ ગયા.

તે પહેલા આ ઉતારાની પાસે જ શ્રી ગણેશ ભોજનાલયમાં દાળ–ભાત શાક રોટલીનું સરસ ભોજન અમે લીધું. ભોજનનો દર અર્ધી ડીસના રૂ. ૩ ને ૫૦ પૈસા હતો. ખર્ચ અમે અમારો આપી દીધો. વળી લસ્સીના પૈસા પણ શ્રી કલ્યાણને આગ્રહ કરીને આપવા માંડ્યા. તેની સેવા કરવાની ભાવના સમજી શકાય તેવી હતી. છતાં અર્ધા પૈસા અમે આગ્રહ કરીને આપી દીધા.

બપોરે થોડો આરામ કરી પૂ. શ્રીએ લેખનકાર્ય શરૂ કર્યું. સર્વેશ્વરીએ ડાયરીમાં નોંધ કરી.

છ વાગ્યા પછી પૂ. શ્રીનું દ્વાર ફરી ખુલે છે. પ્રથમ શ્રી ભૂપતભાઇ આવે છે. થોડીવારમાં સૌ આવી જાય છે. વળી અમદાવાદના શ્રી શરદભાઇ પણ એમનાં પત્ની સાથે આવીને બેઠા.

પૂ. શ્રી પોતાના રામાયણ લેખનમાં મગ્ન છે. છેલ્લી એક લીટી સૌને વાંચી સંભળાવી.

"ચાલી સીતા પ્રાણ ને વાળી."

એ લીટી પર ચર્ચા થતા પૂ. શ્રીએ કહ્યું : "જુઓ, મનને વાળવું અને મનને વારવું એ બેમાં ઘણો ફેર."

મીઠાઇની દુકાનને જોઇને મીઠાઇ નથી ખાવી તે માટે મનને વાળવું ખૂબ અઘરું. મીઠાઇ ઉપર મનને વારવું તો ઘણું સહેલું.

જો આપણો આત્મા બળવાન હોય, તો સંતોની, પ્રભુની કૃપાથી મનને વાળવું.

તુલસીદાસ વારંવાર પ્રભુ પાસે માંગે છે, "કલીયુગના મેલને બાળી નાંખો, તુલસીદાસે, મને તારો તમે, એવું નથી માંગ્યું."



મળને દૂર કરો એટલે તરી જ જવાય ને! ત્યાં વળી શ્રી દેવનભાઇ કહેવા લાગ્યા.

રાતે અમારા બાળકથી તમને ખલેલ પડી હશે.

**પૂ. શ્રી** : જુઓ, ૧૨ મા અધ્યાયમાં ભક્તનાં લક્ષણો કહ્યાં છે.

**यस्मान्नो द्विजते लोको, लोकान्नो द्विजते च यः ।**

જેના વ્યવહારથી સમાજને દુઃખ થતું નથી ને લોકોના વ્યવહારથી પોતાને દુઃખ થતું નથી.

બધે જ કલિયુગ છે, પણ આદર્શ ભક્ત ફરિયાદ કરતો નથી. કોઇ મારી કદર કરતું નથી એવો બળાપો પણ તેને નથી થતો. એને તો આત્મસંતોષ જ હોય.

કૈકયીને રામ કહે છેઃ—અમે યુવાનીમાં વનમાં આવ્યા તો ઋષિઓની સેવા થઇ, સંયમી જીવન જીવાયું, દેશનું દર્શન થયું.

તમે દુઃખી ન થાઓ. તમે તો કલ્યાણ જ કર્યું છે.

પછી વળી દેવકીબાઇની ધર્મશાળામાં પૂ. શ્રી ગયા ત્યારે શું હતું, તેની વિગતે વાત કરતાં કહ્યું :

પ્રભુએ મને કામ, ક્રોધ, માન, અપમાનથી પર જવાની પરીક્ષા હિમાલયમાં પ્રવેશતાં જ અપાવી. એક વરસ તે પરીક્ષા ચાલી તો આગળ ઉપર મંગલ જ થયું. મને લાભ જ થયો.

વળી આર્યસમાજની વાતો થાય છે. સમય ૧ કલાક થઇ ગયો જેથી સૌ સાથે પૂ. શ્રી પણ નખી તળાવ સુધી ફરવા આવ્યા. થોડું બાગમાં બેઠા, ફરી ઉતારા પર આવ્યા. કેરી ને થોડો નાસ્તો લીધો. થોડું ધ્યાનમાં બેઠા પછી આરામ. (ક્રમશઃ)

# અમૃતપળોનો આસ્વાદ-૧

કલ્યાણ

## આર્યનિવાસની અલૌકિક દુનિયા

આજે પાવન પળ આવી, લ્હાવો અમૂલખ શો લાવી.
કરો મહોત્સવ પ્રભુજી પોતે પ્રકટ થયાં આજ,
શરણાગતનાં સર્વ કરી દે, કાજ રાખતાં લાજ.
એની યશગાથા ગાવી, આજે પાવન પળ આવી.

**માર્ચ, ૧૯૯૪.**

પ્રકટ પરમ પુરુષ પૂ. માના લીલાદર્શનનું યશોગાન ગાવાની પાવનપળ વધુ એકવાર હરિદ્વાર તીર્થક્ષેત્રે ગંગામૈયાના પવિત્ર સાન્નિધ્યમાં પ્રાપ્ત થઇ છે. એ અમૂલખ લ્હાવાને આત્મસાત કરવામાં જ સાધનાનો મર્મ સમાયો છે. એ દૈવી દિવસો દરમ્યાન પૂ. માના પરમ સાન્નિધ્યમાં જે આનંદની હેલી ચઢી, જે પ્રેમનાં પૂર વહ્યાં તેમાં સ્નાનનો આનંદ આપણે અહીં માણવાના છીએ.

એ જીવનના મહોત્સવસમા દિવસો હતા ૧૦ માર્ચ–૯૪ થી ૩૧ મે–૯૪ સુધીના. દુન્યવી જીવનની પેલેપારના એ દૈવી દિવસો હતા! એ દૈવીજીવનને કોઇ તારીખ કે વાર ન હતા. એ માતૃગોદ-નું પરમવાત્સલ્ય માણતાં દરેક પળ પાવનબની ગઇ! એ સ્વર્ગીય પળોને દિવસરાત ન હતાં. એ માતૃગોદનું પરમ વાત્સલ્ય માણતાં દરેક પળ પાવન બની ગઇ! એ પ્રેમોત્સવ અખંડ ચાલ્યા કરતો. રાત્રિ અને દિવસની પ્રહરો એ માતૃપ્રેમમાં ડૂબી ગઇ હતી! એ માતૃવાત્સલ્યના રસપાનમાં દુન્યવી ગણતરી કરવાનું તો કોને



સૂઝે? શિશુના પયપાનની મસ્તીને એકતાનતા અખંડ અનુભવાતી!

આર્યનિવાસના ઉપરના માળે પૂ. માનું નિવાસસ્થાન અને નીચે ઘાટમાં ગંગામૈયા પોતાની વિશાળ ગોદ પ્રસારી ને નિરંતર વહ્યા જાય છે! બાળકોના બંને હાથમાં લાડવા છે! જાણે ચારે બાજુથી બંને પરમ માતાઓની વાત્સલ્ય વર્ષા નિરંતર વરસી રહી છે! પરમશક્તિ પોતાના પ્રેમીજનપર જાણે ધારેધાર વરસી રહી છે. કૃપાનો આવો જયજયકાર તો ગંગામૈયાની ગોદે અને પૂ. માના પરમ સાન્નિધ્યમાં જ ભાગ્યે જ સંભવી શકે!

પ્રભુ કૃપાળુ કેમ કહેવાયા છે તે હવે સમજાય છે. કૃપાવિના તો કૃપાની આવી ધારેધાર કોણ વરસાવે! જીવનની પ્રત્યેક પળ કૃપાવંત બની જાય એ ધન્યતાનો અવસર માણવાનો લ્હાવો તો કોણ જાણે ક્યારે મળે!

પરંતુ એ પરમશક્તિની અખૂટ કૃપા આપણા માટે કદી ન ખૂટે તે માટેની પ્રાર્થના કરવાનો તો આપણો અધિકાર છે. ક્યારેક કોઇ સુવર્ણપળે એ પ્રાર્થના સંભળાઇ જાય તો તો આપણો બેડો પાર થઇ જાય!

તમારી કૃપા કદી ના ખૂટે,
એ તો અનંતધારે છૂટે,
તમારી કૃપા કદીના ખૂટે.

મેઘ ગગનથી, અમી અન્નથી,
તેજ સૂર્યથી ખૂટે;
જળ સૂકાઇ જાય સકળ, સૃષ્ટિનું
કૃપાતાર ના તૂટે.
તમારી કૃપા કદી ના ખૂટે.

દુઃખ દીનતા દૂર કરે ને,
કોટિ ક્લેશને કૂટે;
એ જ કૃપાની આશા રાખું,
જો જો કદી ન ખૂટે.
તમારી કૃપા કદી ના ખૂટે.

માતૃઅવતારમાં કૃપા વરસાવનારનો વાંક નથી, પણ કૃપા ઝીલનારાઓનો છે. માતૃકૃપા તો ધારોધાર વરસી રહી છે. પરંતુ એને આત્મસાત કરવાની સમર્થતા આપણે બનાવી શક્યા નથી. આપણી જાતને આપણે પૂછીએ કે ખરેખર પૂ. માને સાચા દિલથી પ્રેમ કર્યો છે! સંસારના પદાર્થોને ચાહતાં ચાહતાં ક્યારેક વધ્યો-ઘટયો પ્રેમ પૂ. માને કર્યો હશે પરંતુ પૂ. માએ તો આપણને સાચા દિલથી પરિપૂર્ણપણે પ્રેમ કર્યો છે તેની કોણ ના કહી શકશે? છે આનો આપણી પાસે કોઇ જવાબ?

પૂ. માનું અંતર જ એવું છે જે વરસવાનું જ જાણે છે! પાત્ર કુપાત્રના કોઇ ભેદ તમને ત્યાં શોધ્યા નહીં જડે! એટલે તો માતૃમહિમા ગાતાં પૂ. શ્રીએ લખ્યું,

માનું નામ ધર્યું તમે તો, માનું નામ ધર્યું,
બાલક પરની મમતાથી તો, અંતર છેક ભર્યું,
રસના ઊંડે ફુવારા એમાં, સુખનું ધામ થયું... તમે તો.

પ્રશસ્તિના કોઇ પણ શબ્દ ઓછા પડે એવાં પ્રેમસ્વરૂપા પૂ. માનો પ્રેમ માણવા અને એ પરમપ્રેમના મહિમાનું ગાન કરવા આપણે હરિદ્વાર તીર્થક્ષેત્રે ગંગાતટે 'આર્યનિવાસ'માં નિવાસ કર્યો છે.

પૂ. માના વિશ્વરૂપદર્શનના એકભાગરૂપે હમણાં હમણાં આપણે પૂ. માની ઉપરામ અવસ્થાનું લીલાદર્શન કરી રહ્યા છીએ. સંપૂર્ણ વીતરાગ અવસ્થા કેવી હોય તેનું પરિપૂર્ણ દર્શન વર્તમાન સમયના



પૂ. માના લીલાદર્શનમાં કરી રહ્યા છીએ. પોતાના બાળકો સાથે પરમ વાત્સલ્યના અતૂટ બંધને બંધાયેલા પૂ. માને પોતાની સહજાવસ્થામાં સ્થિર થતાં એક સેકંડ પણ નથી લાગતી! આપણને નવાઇ લાગે કે દિવસો અને મહિનાઓ સુધી બહારના સંબંધોથી તદ્દન અલિપ્ત–પોતાના સ્વસ્વરૂપમાં પ્રતિષ્ઠિત થવું એ પૂ. મા માટે કેટલું સહજ છે!

પૂ. માનું આ લીલાદર્શન પ્રભુપંથના સૌ પ્રવાસીઓ માટે ભારે પ્રેરણારૂપ છે. આત્મિક અવસ્થાની પરમશાંતિની અનુભૂતિ કેવી હોય તેનું આ લીલાદર્શન છે. પૂ. મા તો પ્રશાંતિની એ અવસ્થાપર કાયમ આરૂઢ છે. પરંતુ આપણે જો એ સિદ્ધાવસ્થાની મંજિલે પહોંચવું હોય તો સંસારના રાગોને કેવી રીતે વિગત કરવા જોઇએ તેનું સંપૂર્ણ માર્ગદર્શન પૂ. મા આપી રહ્યાં છે. સંસારમાં રહેવા છતાં સંસારના રાગદ્વેષથી તદ્દન અલિપ્ત, દેહ ધારણ કર્યા છતાં દેહાધ્યાસથી ઉપર, પરમપ્રેમથી સૌ સાથે બંધાયેલા છતાં આસક્તિ કોઇની નહીં, ત્યાગ તો પરમકોટિનો પણ તિરસ્કાર તો તૃણનો પણ નહીં, સૌના છતાં જાણે કોઇનાં નહીં! સંસારમાં સરસાં કેમ રહેવાય તેનું અજોડ ઉદાહરણ પૂ. મા પોતાની ઉપરામ અવસ્થાદ્વારા કરાવી રહ્યાં છે. થોડી મિનિટો પહેલાં વ્યવહારની વાતોમાં ગૂંથાયેલાં લાગતાં પૂ. મા બીજી જ ક્ષણે પ્રભુના પ્રેમમાં પરોવાયેલાં આપણે જોઇ શકીએ છીએ. વહેલા કે મોડા સૌએ આ અવસ્થાપર પહોંચવાનું છે અને તે અવસ્થા કેવી હોય તેનું સંપૂર્ણ માર્ગદર્શન પૂ. મા પોતાની આ ઉપરામ અવસ્થાના લીલાદર્શન મારફત કરાવી રહ્યાં છે.

એટલે જ તો પૂ. માનું દર્શન એ વિશુદ્ધ બ્રહ્મનું દર્શન છે. સૌ

વાદવિવાદ અને ભેદભાવોથી પર સાચી આધ્યાત્મિકતાનું તેની પરમોચ્ચ અવસ્થાએ બેમિસાલ, અનુપમ અને પરમશ્રેષ્ઠ દર્શન એટલે પૂ. માનું જીવન! માનસરોવરથી માંડીને સૃષ્ટિની કોઇ વિશુદ્ધતા એની તોલે નહીં આવે. એટલે જ તો પૂ. માએ કોઇ ગ્રંથ કે પંથનો આશ્રય લીધા વિના આ સૃષ્ટિમાં વ્યાપેલા શુદ્ધ બ્રહ્મના પ્રતિકસમા ગુરુતત્ત્વની આરાધના કરી રહ્યા છે.

કોઇ પુણ્યયોગે અહીં આર્યનિવાસમાં પૂ. માના વિરલ લીલા-દર્શનના સહભાગી બની શક્યા છીએ. પૂ. માના જીવનના વિવિધ પાસાઓનું જે લીલાદર્શન છે તેમાં માતૃપ્રેમના તોલે કોઇ લીલા-દર્શન આવી શકે તેમ નથી. એ માતૃવાત્સલ્ય સામે જ્યારે કોઇ પડકાર ઊભો થયો છે ત્યારે ત્યારે એ પરમ વાત્સલ્યની હમેશાં જીત થઇ છે. જીવનના બીજા બધા જ અભિનયો પડતા મૂકીને પોતાના બાળકોને વાત્સલ્યપાન કરાવવા રીતસર દોડયાં છે.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



# શ્રીરામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

સંકલન : શ્રીયશસ્વીભાઇ ચ. મહેતા

રવિવારે કલકત્તાથી ભક્તો દક્ષિણેશ્વરમાં બને તેટલા વહેલા આવવા અધીરા હોય છે. ઘરનાં સ્વજનોને અચંબો થાય કે દર રવિવારે આવી અધીરાઇ કેમ આવે છે? ત્યાં છે શું? સંસારીઓને પ્રિય એવું તો ત્યાં ખાસ કંઇ નથી હોતું. પરંતુ ભક્તજનોને અહીં મળે છે. ભક્તિમધુ, જ્ઞાનમધુ, અને પ્રેમમધુ. આ મધમાખીઓનો અહીં મુખ્ય મધપૂડો છે. ચારે બાજુથી તેઓ દોડી આવે છે ને પાંખ હોય તો ઊડીને આવે એવી આતુરતા ને ઉત્કંઠા હોય છે. ઠાકુરનાં દર્શન માટે, ઠાકુરની અમૃતવાણી માટે. અહીં છે તેની પાતાળગંગા. આ બધાની સરવાણી તેમાંથી નીકળ્યા જ કરે છે. તેનાં દર્શન કરવાથી ધન્યતાનો અનુભવ થાય. તેમને સાંભળવાથી કૃતાર્થતાની અનુભૂતિ થાય.

આજે રામ, કેદાર, નિત્યગોપાલ, 'મ' ને બીજા કેટલાય ભક્તો દક્ષિણેશ્વર આવી પહોંચ્યા છે. રાખાલ, હરીશ, લાટુ ને હાઝરા તો દક્ષિણેશ્વરમાં જ પડયાપાથર્યા રહે છે. ઘેર જવાનું નામ લેતા નથી. ચૌધરી નામના મોટા સરકારી અધિકારી ય આવ્યા છે. તાજેતરમાં જ તેમનાં પત્ની સ્વર્ગવાસી થયાં છે. પંખીની એક પાંખ કપાય જતાં જેવી પીડા થાય તે કરતાં મનુષ્યોને જીવન-સાથીની નિત્ય ચિરવિદાયથી થતી હોય છે. ઠાકુર તો આનંદમૂર્તિ. પરમશાંતિની સાક્ષાત્ જીવંત પ્રતિમા. તેમના સાન્નિધ્યમાં સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિથી સંતપ્તજનોનો ક્લેશ-શોક-સંતાપનું શમન થઇ જાય છે. ચૌધરી છેલ્લા કેટલાક સમયથી વારંવાર અહીં આ

માટે જ આવે છે. બોલ્યાચાલ્યા વિના તેમની સમક્ષ બેસી રહેવાથી, તેમને જોયા કરવાથી અને તે બોલે તે મૌન રાખી સાંભળ્યા કરવાથી જ આ હેતુ સિદ્ધ થઇ જાય છે.

હવે ઠાકુર ધીમે ધીમે બોલે છે. તેમની વાણી નાના બાળકની જેવી મીઠી ને થોડી તોતડી છે. રાખાલ, નરેન્દ્ર, ભવનાથ જેવા ભક્તો નિત્ય સિદ્ધ છે. જન્મથી જ તેમની આધ્યાત્મિક ચેતના જાગી જાય છે. તેમને આ માટે જન્મની જરૂર નહિ. પરંતુ માનવજાતની આધ્યાત્મિક ચેતના જાગ્રત કરવા તેમનું દુનિયા પર આગમન. બીજા કેટલાક ભક્તો કૃપાસિદ્ધ હોય છે. અહૈતુકી કરુણાસિંધુ ભગવાન તેમની ઉપર કૃપા કરે છે. તેમને વિનાપ્રયત્ને, વિનાસાધના ભગવાનનાં દર્શન થાય, તેમની વાણી સંભળાય, તેમના જીવંત સાન્નિધ્યનો આનંદ અનુભવાય. કૃપાસિદ્ધ ભક્તો હજાર વરસના અંધારા ઓરડા જેવા. જેમાં એકાએક જ્વલંત પ્રકાશનો ઉદય થાય, ત્યારે અંધારું તત્ક્ષણ સમાપ્ત થાય. તે ઓરડા ઝળાંહળાં થઇ જાય.

જેમને સંસારમાં અનુરાગ હોય, સંસારી ભક્ત હોય તો તેમાં કાંઇ હોય નહિ. સંસારમાં રહીને ય ભગવાનની ભક્તિ થાય, તેમને પ્રેમ કરી શકાય. ઘરના એક એકાંત ખૂણામાં બેસીને તેમને બોલાવો, તેમના નામ, રૂપ, ગુણનું સ્મરણ, મનન, જપધ્યાન વગેરે જે બને તે કરો. ઈશ્વરનો મહિમા અપાર, અનંત (ચૌધરીને) પંડિતાઈથી તેનો પાર પામી શકાય નહિ. તર્ક કરીને ય તેનો તાગ પમાય નહિ. ઈશ્વરના રાહ શું એમ જાણી શકાય? એ બધું એકકોર મેલી દ્યો. એવું જ કરો કે જેને લઈને તેના પાદપદ્મોમાં શુદ્ધ ભક્તિ, અનુરાગ આવે. ઈશ્વરનો પાર પામી શકાય નહિ. તેનું ઐશ્વર્ય, નામ, રૂપ, ગુણ બધું અનંત, અમાપ, અમેય.



ભીષ્મપિતામહ આઠ વસુઓમાંના એક. બાણશૈયા ઉપર સૂતાં સૂતાં તેમની આંખોમાં આંસુ ઊભરાયાં. અર્જુનને થયું. શું ભીષ્મપિતામહને મૃત્યુનો ડર લાગ્યો? તે શા માટે રડે છે? તેણે શ્રીકૃષ્ણને પૂછ્યું. આ આંસુ પાછળ, રૂદન પાછળનું રહસ્ય શું છે? શ્રીકૃષ્ણે કહ્યું : તું એને જ પૂછને? ભીષ્મ બોલ્યા : શું ઈશ્વરની લીલા છે? એનો પાર પામી શકાતો નથી. ખુદ ઈશ્વર પાંડવોની સાથે. અર્જુનના સારથી. છતાં તેમને માથે કેટલું બધું દુઃખ? આ સમજી શકતો નથી તેથી રડું છું.

માણસ થોડું સાધનભજન કરે ત્યાં જ ફૂલાય! અહો, મેં કેટલું બધું કર્યું? મેં મારા મનપર વિજય મેળવી લીધો. ના ભાઈ ના. ઉતાવળા થાઓ મા. જયવિજય હારજીત તો બધું ઈશ્વરના હાથમાં. મેં એક વેશ્યાને ગંગામાં સ્નાન કરતાં મરતી જોઇ છે! તે અંતિમ ક્ષણસુધી સચેત હતી ને તેનું મન ઈશ્વરના સ્મરણ–મનનમાં હતું. આખું જીવન પવિત્ર વ્યતીત કર્યું હોય તેને જ આવી સદ્‌ગતિ થાય છે.

ચૌધરીએ પૂછ્યું : ઈશ્વરનાં દરશન શી રીતે થાય?

ઠાકુર બોલ્યા : આ ચર્મચક્ષુથી તેને ન જોઇ શકાય. ભગવાન ભક્તને દિવ્યચક્ષુ આપે છે જેથી તે તેનાં દર્શન કરી શકે. પોતાના વિશ્વરૂપનું દર્શન કરી શકે તેથી અર્જુનને આવાં દિવ્ય ચક્ષુ શ્રીકૃષ્ણે આપ્યાં હતાં. મનુષ્યની ફિલ્સૂફી માત્ર તર્ક જ કરી શકે, તે રીતે ઈશ્વરને પામી શકાય નહિ. તમને ખરી ભક્તિ, પ્રેમ, અનુરાગ, ભગવાનમાં, તેના નામ, જપ, સ્મરણ, મનન, ધ્યાન, ગુણગાનદ્વારા થઇ જાય તો તે ઝાલ્યો રહે નહિ, તે ભક્ત પાસે દોડી આવે. તમને ખબર છે, આવો ભક્ત તેને કેવો પ્રિય છે? ગાયને તેના ઘાસ સાથે ખોળનું ખાણ ભેળવીને આપે ત્યારે તે જે ચાહથી

તેને ચાવે છે ને ગળે ઉતારી જાય છે તેવી ચાહથી ભગવાન ને ભક્તનો પ્રેમ અતિપ્રિય છે. આવો ભક્ત ભગવાનને ચાહે છે. તેની પાસેથી કશું જ માગતો કે ઇચ્છતો નથી. આ છે શુદ્ધ પ્રેમ ખાતર પ્રેમ. શુદ્ધ અનુરાગ.

ઠાકુર મધુર સ્વરે એક ગીતની પંક્તિ બોલ્યા : મુક્તિ દેતાં હું અટકું નહીં પણ ભક્તિ દેતા ખચકું. ચૌધરી—મહાશય, શું ગુરુવિના ઈશ્વરદર્શન થઇ શકે?

ઠાકુરે કહ્યું : 'સચ્ચિદાનંદ જ ગુરુ. શબસાધના કર્યા પછી ઈશ્વરદર્શન ટાણે ગુરુ સામે આવી જાય ને બોલે, "જોઇ લે. આ તારા ઇષ્ટદેવતા" એમ બોલતાં બોલતાં તે ઈશ્વરની મૂર્તિમાં લીન થઇ જાય. વ્રત છે અનંતવ્રત. વિષ્ણુની પૂજા કરે. એમની અંદર જ ઈશ્વરના અનંતરૂપ.'

વિષ્ણુનાં સહસ્ર નામ એ તેનાં અનંત રૂપોનો વાઙ્મય દેહ. ભક્તો મનમાં ને મનમાં પૂછે છે આટલાં બધાં અનંત રૂપમાંથી કયા રૂપનું ધ્યાન ધરવું? ઠાકુર અંતર્યામી તુરત બોલ્યા, "જે રૂપ ગમે તેનું ધ્યાન ધરવું. એ રૂપનું નામ હોય તેનો જપ કરવો. નામજપથી રૂપ પકડાય. તમને ન ગમતા હોય તેવાં નામ કે રૂપનો દ્વેષ કરવો નહિ. બીજાનો દ્વેષ કરો એટલે તમે જેને પ્રેમ કર્યો હોય તેનો છેદ ઊડી જાય. શિવ, કાલી, હરિ નામ જુદાં, રૂપ જુદાં પણ તત્ત્વતઃ બધાં એક ને અભિન્ન. એમ સમજે તે ભક્ત ધન્ય. બહિર્ શિવઃ હૃદયે કાલી મુખે હરિ બોલ.

કામ, ક્રોધ વગેરે દોષ જરાતરાય ન રહે તો શરીર ટકે નહિ. એટલે તેમને ઓછાં કરવા તમે પ્રયાસ કરજો.

ભક્ત કેદાર બધે કહેતા ફરે છે કે રામકૃષ્ણદેવ માણસનું રૂપ



લઇને અવતરેલ ઈશ્વર જ છે. તેમની તરફ ફરીને ઠાકુર બોલ્યા, આમનો ભાવ બહુ સારો, નિત્ય ને માને તેમ તેની લીલાને પણ. એક બાજુ બ્રહ્મને ય માને તો બીજી બાજુ દેવલીલા, માનવલીલા, જીવલીલા વગેરેને ય માને.

(ક્રમશઃ)

## પ્રેમ વિના ના સરે

પ્રેમ વિના ના સરે, કાર્ય તારું પ્રેમ વિના ના સરે,
કેમ કરી પ્રભુ મળે, ક્લેશ તારો કેમ કરીને ટળે.
કાર્ય તારું૦

મંત્ર જપે ને અનુષ્ઠાનમાં લખલૂટ ખર્ચ કરે,
ક્રિયાતણા આડંબર માંડે, અહંકાર ના મરે.
કાર્ય તારું૦

મમતાનાં મીઠાં જાળાં ના તારાં લેશ ખરે,
દર્દ લઇને પ્રભુને માટે કોદી ના ટળવળે.
કાર્ય તારું૦

તરસ તને ના તીખી લાગી, વ્યાકુલ થૈ ના ફરે,
વેશ ગુરુ ને મંત્ર બદલતો તેમાં તે શું વળે?
કાર્ય તારું૦

ભાવ કરીને ભક્તિ કર તો પરમ પદારથ મળે,
પાગલ જેમ જ પ્રેમ કરીને તું પણ કેમ ન તરે?
કાર્ય તારું૦

— યોગેશ્વરજી

# ગાયત્રીમિમાંસા–(૧)

**પરમાર્થી**

પૂ. મા સર્વેશ્વરીએ અમેરિકાની ઓઝ્રના શિબિરમાં લગભગ દોઢ વરસ પછી મૌન તોડયું ત્યારે તેમના શ્રીમુખેથી ગાયત્રીમંત્ર એકદમ ધીમા સ્વરે મુખરિત થયો હતો. દિવ્યરસથી રસાયેલી કર્ણપ્રિય સુરાવલિથી સભાગૃહની શાંતિ ઝંકૃત થઇ સમસ્ત શ્રોતાવર્ગને મંત્રમુગ્ધ કરતી હતી. ઉપસ્થિત શ્રોતાગણ પરમાનંદમાં નિમગ્ન બની દિવ્ય આધ્યાત્મિક સુખ માણી રહ્યો હતો. મંત્રના ગાનમાં સૌ કોઇના હૃદય તાલ મિલાવી શિબિરના શાંત વાતાવરણને સંગીતમય મધુરતા અર્પી રહ્યાં હતાં. આવું લય મધુર ગાન સૌ કોઇએ પહેલવહેલું સાંભળ્યું હતું. તેથી સૌના મોઢેથી “વાહ વાહ” સ્હેજે બોલાઇ જતું હતું.

પૂ. મા જે મંત્ર ગાતાં હતાં તે સાવ ટૂંકો મંત્ર હતો. ૐ भूर्भुवः स्वः । तत् सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥ આ પ્રચલિત મંત્ર તો લાંબો છે. એનાથી જાણે તે અરધો જ હોય તેમ જણાતું હતું. ૐ भर्गो देवस्य धीमहि धियो यो नः । આટલો બધો ટૂંકો મંત્ર પૂ. માએ કેમ ગાયો હશે એવું બધાંને થતું હતું. બેઠક પૂર્ણ થયા પછી સૌ કોઇ આ પ્રકારની મૂંઝવણ અરસપરસ વ્યક્ત કરતા જણાતા હતા. ત્યાર પછીની બેઠકમાં પૂ. માએ તે અંગે થોડો ખુલાસો પણ કર્યો હતો. આ મંત્ર ન તો પૂ. માએ ટૂંકાવ્યો હતો કે ન તો પૂ. યોગેશ્વરજીએ પોતે ટૂંકો બનાવી દીધો હતો. સાધના દરમ્યાન પૂ. યોગેશ્વરજીને આવો ટૂંકો મંત્ર રાગબદ્ધ સંભળાયો હતો. તે પૂ. માએ સર્વને ગાઇ બતાવ્યો



હતો. છતાં સૌનું આશ્ચર્ય શમ્યું નહોતું. સાધનામાં આ પ્રકારે મંત્રો સંભળાતા હોય છે તે હકીકત પણ આશ્ચર્યમાં તો વધારો જ કરતી હતી.

આપણે ત્યાં વેદને શ્રુતિ કહેવામાં આવે છે. વેદો ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ને અથર્વવેદ. આ ચારે વેદોમાં જે વાણીનો સંગ્રહ થયો છે તે સંભળાયેલી વાણીનો જ છે. શ્રુતિનો અર્થ સંભળાયેલી એવો થાય. ઋષિઓ તો બધા ગૃહસ્થી હતા. તેઓ વાનપ્રસ્થી બની એકાંતમાં ચાલ્યા જતા અને ધ્યાન સાધના કર્યા કરતા. તેવી સાધના કરતા કરતા તેમણે જે વાણી સાંભળેલી તેને તેમણે શબ્દસ્થ કરેલી એટલું જ. તેથી વેદનો રચયિતા કોણ એમ કોઇ પૂછે તો એટલું જ કહેવામાં આવે છે કે વેદ તો અ-પૌરુષેય છે. આ વિશ્વમાં વસતા કોઇ પુરુષે તેની રચના કરી નથી. કોઇ દિવ્ય પુરુષની તે વાણી હતી તે વાત નિશ્ચિત. આ કારણે ઋષિઓ વેદના કર્તા હોવાનો કદી દાવો કરતા નથી. આ હકીકતથી એક વાત જરૂર પૂરવાર થાય છે કે સાધના કરનારને આવી દિવ્ય વાણી સંભળાતી હોય છે. એટલે પૂ. યોગેશ્વરજી હિમાલયની કંદરાઓમાં સાધના કરતા હતા ત્યારે તેમને આ ટૂંકો ગાયત્રી મંત્ર સંભળાયો હતો તેમાં શંકાને કોઇ સ્થાન નથી. જે રાગમાં ને જે ઢબથી સંભળાયેલો તે જ રાગમાં ને તેવી ઢબથી પૂ. માએ સૌને સંભળાવ્યો હતો. તે શ્રોતાજનોનું મહદ્ સદ્ભાગ્ય ગણાય.

પરંતુ ટૂંકો ને અધૂરો જણાતો મંત્ર કેમ સંભળાયો હશે તે વિષે મૌન જ રહેવું પડે એમ છે. અનુમાન જરૂર કરી શકાય કે તે સમયે પૂ. યોગેશ્વરજી દરરોજ એક હજાર ગાયત્રી જપ કરતા હતા તેથી તેમને સંતોષજનક પ્રતીતિ કરાવવા ટૂંકા મંત્રનું ગાન

સંભળાયું હશે. અથવા તો લાંબો મંત્ર ન જપતાં હવે આવો ટૂંકો મંત્ર જપશો તો પર્યાપ્ત ગણાશે એવું ગર્ભિત સૂચન પણ હોવા સંભવ છે. મારી બુદ્ધિ આ મંત્રને અધૂરો માનતી નથી. ટૂંકો જરૂર છે, પણ અધૂરો નથી. વાતચીતની ભાષામાં ઘણીવાર આપણે ક્રિયાપદનો ઉપયોગ કરતા નથી. ક્રિયાપદ વિના જે સમજવાનું હોય તે આપણે સમજી લઈએ છીએ. તેમ આ મંત્રમાં ક્રિયાપદનો ઉપયોગ નથી કર્યો એટલું જ. 'પ્રચોદયાત્' એ ક્રિયાપદનો અર્થ થાય છે 'પ્રેરિત કરે છે.' ભર્ગો દેવસ્ય એટલે દેવના પ્રકાશનું અમે ધીમહિ એટલે ધ્યાન કરીએ છીએ. કારણ કે તે પ્રકાશ અમને (નઃ) અથવા તો અમારી બુદ્ધિને (ધિયો) ચારે પ્રકારના પુરુષાર્થો કરવા (ધર્મ, અર્થ, કામ ને મોક્ષ) પ્રેરિત કરે છે. માત્ર ક્રિયાપદનો ઉપયોગ નથી થયો તે હકીકત છે. પરંતુ તે વિના પણ અર્થ સમજી શકાય છે. શું કહેવા માંગે છે તે સાંભળનારને સમજાય જવું જોઈએ એથી વિશેષ શું? ભાષાનું એટલું જ તો પ્રયોજન હોય છે. માટે આ મંત્રને અધૂરો કહેવાનું કોઈ કારણ મને જણાતું નથી.

પ્રચલિત લાંબા મંત્રના પ્રારંભમાં 'ભૂર્ ભુવઃ સ્વઃ' એ ત્રણ શબ્દો ત્રણ લોકનો નિર્દેશ કરે છે. પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ એ ત્રણ લોક. ખરેખર આ ત્રણ લોકનો નિર્દેશ સાતે લોકને સૂચવવા કરાયો લાગે છે. બાકીના ચાર લોક આ પ્રમાણે ગણાય—જનઃ, તપઃ, મહઃ અને સત્યમ્. આ સાતે લોક પ્રકાશિત છે. બ્રહ્મજ્યોતિનો તે પ્રભાવ ગણાય. બ્રહ્મની જ્યોતિનો જ તે પ્રકાશ છે. તત્ એટલે જેના પ્રકાશથી આ સાતે લોક પ્રકાશિત તે પરમાત્માની જ્યોતિ. સવિતુર્ એટલે સામાન્ય રીતે સૂર્ય અર્થ થાય. સૂર્ય પણ જેના દ્વારા પ્રકાશિત છે અને સર્વ પ્રાણીમાત્ર પણ જેના દ્વારા ક્રિયાશીલ બને



છે તે બ્રહ્મની, તે પરમાત્માની જ્યોતિ એવો અહીં અર્થ થાય. વરેણ્યમ્ એટલે તો શ્રેષ્ઠ. તેથી આ આખા પ્રચલિત મંત્રનો અર્થ આ રીતે થાય : "સાતે લોક જેના પ્રકાશથી પ્રકાશવંત બને છે તે પરમાત્માની શ્રેષ્ઠ જ્યોતિનું અમે ધ્યાન કરીએ છીએ કેમ કે તે અમારી બુદ્ધિને સદૈવ પ્રવૃત્તિ કરવા પ્રેરે છે."

પરમાત્મા સર્વના હૃદયમાં રહેલા છે તેવું શાસ્ત્રોનું વચન છે. તે વચનને સત્પુરુષોએ, ઋષિમુનિઓએ અને સંતોએ પોતે અનુભવ કરીને પ્રમાણ્યું અને સ્પષ્ટતાપૂર્વક તે સૌએ કબૂલ્યું કે ખરેખર હૃદયના આકાશમાં તે પરમાત્માની જ્યોતિ સદા ઝળહળિત રહે જ છે. તેનું દર્શન દરેક વ્યક્તિ કરી શકે છે પોતાના શુદ્ધ મનવડે :

ज्योतिरात्मनि नान्यत्र समं तत्सर्वजन्तुषु ।
स्वयं शक्यते द्रष्टुं सुसमाहितचेतसा ॥

અર્થાત્ આત્માની જ્યોતિ બીજી કોઈ જગ્યાએ નહીં પણ સર્વ પ્રાણીમાત્રમાં જ રહેલી છે તેથી તેને એકાગ્ર ચિત્તવડે પોતાનાથી જોઈ શકાય છે. તે જ જ્યોતિને આ ગાયત્રી મંત્રમાં 'ભર્ગો દેવસ્ય' કહીને વર્ણવી છે. દિવ્ એટલે પ્રકાશવું. દિવ્ ધાતુ પરથી દેવ શબ્દો બન્યો. જે હૃદયના આકાશમાં નિત્ય પ્રકાશે છે તે પરમાત્માને અહીં દેવ કહ્યા. ભર્ગ તો તેની જ્યોતિ છે. આ જ્યોતિ કદી હોલવાતી નથી. પ્રલયકાળમાં પણ તે પ્રજ્વલિત જ રહે છે. ભર્ગ શબ્દનું પૃથક્કરણ કરવામાં આવે તો તેમાં ત્રણ અક્ષરો નજરે ચઢે છે—ભ, ર્ ને ગ. આ ત્રણે અક્ષરો જુદા જુદા ત્રણ લક્ષણોનું સૂચન કરે છે. 'ભ'દ્વારા સૌને પ્રકાશિત કરે છે તે લક્ષણ અભિવ્યક્ત થાય છે. 'ર્' અક્ષર સૌને આનંદિત રાખવાની તેની કળા અથવા તો સૌને રાગાન્વિત કરવાનું તેનું લક્ષણ સૂચિત કરે છે. 'ગ' અક્ષર સૌને ગતિશીલ રાખવાનું તેનું આગવું લક્ષણ

ધ્વનિત કરે છે. આ રીતે ગાયત્રી મંત્રનો વિચાર કરીએ તો તે મંત્ર પરમાત્માના પાવન પ્રકાશની પ્રાપ્તિની ઝંખનાથી કરવામાં આવેલી એક પ્રાર્થના જ ગણાય! તેથી તો ગાયત્રી શબ્દનો અર્થ કરવામાં આરે છે—**गायन्तं त्रायते इति**—અર્થાત્ ગાન કરનારનું જે રક્ષણ કરે છે તે ગાયત્રી.

એનું બાહ્ય કલેવર લક્ષમાં લઇએ તો ગાયત્રી મંત્ર ત્રણ ભાગે વહેંચાયેલો લાગે છે. પહેલો ભાગ 'ઓમ્'રૂપે છે. પ્રણવ તરીકે ઓળખવામાં આવે છે તે જ આ ઓમ્. તે પરમાત્માનું સર્વ શ્રેષ્ઠ નામ તરીકે પ્રસિદ્ધ છે. બીજો ભાગ ત્રણ મહાવ્યાહૃતિરૂપે નજરે ચઢે છે. ભુર્, ભુવઃ ને સ્વઃ એ ત્રણ મહાવ્યાહૃતિ ગણાય. વ્યાહૃતિનો અર્થ થાય છે એક સબળ સાધન. આ સાધનવડે ખુદ પરમાત્માનું વારંવાર આહ્‌વાન કરી શકાય. ત્રીજો ભાગ તે મૂળ મંત્ર. આ જ મૂળ મંત્રનું ટૂંકું સ્વરૂપ પૂ. સર્વેશ્વરી માએ શિબિરમાં ગાઇ બતાવ્યું હતું. આ ત્રણે વિભાગો સાથે મૂળ મંત્રનો ગાઢ સંબંધ રહેલો છે એવું વિદ્વાનો માને છે. 'ઓમ્' શબ્દમાં अ, उ ને મ્‌ની સંધિ થઇ છે. अનો સંબંધ ભુર્ સાથે છે. ભુર્‌નો વિવરણાત્મક અર્થ 'તત્ સવિતુર્ વરેણ્યમ્' એવો થાય. એ જ પ્રમાણે उનો સંબંધ ભુવઃ સાથે છે. ભુવઃનો વિવરણાત્મક અર્થ 'ભર્ગો દેવસ્ય ધીમહિ' થાય. મ્‌નો સંબંધ સ્વઃ સાથે ગણાય તેથી તેનો વિવરણાત્મક અર્થ 'ધિયો યો નઃ પ્રચોદયાત્' થાય. મહર્ષિ દયાનંદ સરસ્વતી યજુર્વેદના ભાષ્યમાં આ મંત્રની સમજૂતી આપતાં 'ભુર્'નો શબ્દાર્થ 'કર્મવિદ્યામ્' એવો આપે છે. એ જ રીતે ભુવઃનો ઉપાસના વિદ્યામ્ અને સ્વઃનો જ્ઞાનવિદ્યામ્ એવો આપે છે. કર્મવિદ્યામ્ એટલે વિવેકપૂર્વક કર્મ કરવાની વિદ્યા. ઉપાસના એટલે ભક્તિ. જે વિદ્યાથી પરમાત્માની ભક્તિ કરી



શકાય તે ઉપાસનાવિદ્યામ્. જે વિદ્યાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને આ સંસાર સાગર પાર કરી શકાય છે તે જ્ઞાનવિદ્યામ્. તેથી મહર્ષિની દૃષ્ટિએ આ મંત્રનો અર્થ આ પ્રમાણે કરી શકાય. "આપણે કર્મ, ઉપાસના એટલે કે ભક્તિ અને જ્ઞાન આ ત્રણે વિદ્યાઓનો સ્વાધ્યાય કરી દુઃખ વિનાશક તે પરમેશ્વરના પરોક્ષ—અદૃશ્ય તેજને પોતાનામાં ધારણ કરીએ કે તે તે જ આપણી બુદ્ધિને સન્માર્ગે દોરે." બુદ્ધિનો મહિમા એ રીતે મંત્રમાં અભિવ્યક્ત થયો ગણાય. શ્રીમદ્ ભગવદ્‌ગીતા પણ બીજા અધ્યાયમાં 'બુદ્ધિ નાશાત્ પ્રણશ્યતિ' કહીને બુદ્ધિનું મહત્ત્વ પૂરવાર કરે છે. બુદ્ધિનો વિકાસ અને તેની સ્થિરતા બંને માનવને માટે કલ્યાણકારી છે. તેથી બુદ્ધિ કુબુદ્ધિ ન બને તેની કાળજી માણસે રાખવી જ પડે છે. કુબુદ્ધિને બદલે સદ્‌બુદ્ધિ જ પ્રાપ્ત થાય તેવા હમેશા પ્રયાસો કરવા પડે છે. ચાણક્યે પણ અર્થનીતિની ચર્ચા કરતી વખતે 'બુદ્ધિસ્તુ મા ગાન્મમ' એટલે કે મારી બુદ્ધિ જતી ન રહે તે માટે પ્રાર્થના કરી છે. ટૂંકમાં બુદ્ધિનું પ્રાધાન્ય ગાયત્રી મંત્રમાં પણ વ્યક્ત થયું છે તે હકીકતનો સ્વીકાર અનુભવી પુરુષોએ કર્યો છે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

## * 'અનામી'–અભાગિયો ! *

પ્રભુ ! ત્હારા દાનનો મહિમા નવ જાણ્યો,
'અનામી'–અભાગિયો !
પ્રભુ ! ત્હારી શાનનો મહિમા નવ નાણ્યો,
'અનામી'–અભાગિયો !

નયન દીધાં ત્હેં હરિ નિરખવા,
નિરખી ભવની ભવાઇ !
કર્ણ–પાત્ર ભક્તિ–રસ પીવા,
(જાણે) બદબોઇ–કાંસી ખાઇ !

ચરણ ન ચાલ્યા હરિને મંદિર,
સાંજ ઢળી, નવ જાગિયો,
'અનામી'–અભાગિયો !

દાન દેવાને હાથ ન હાલ્યા,
ગજવે મૂઠી પરાઇ !
અપરંપાર લૂલીની લીલા !
ભાંડતી આદુ ખાઇ !

કેડય વળી ના હરિ–ચરણેષુ
મોહ–માયાનો ફાગિયો
'અનામી'–અભાગિયો !

એક ચિત્તે ના ધ્યાન ધરાયું,
મનડાના ફંદ હજાર !
પ્રાણ–પપીહો તરસ્યો સદાનો
લાગી ન આત્માની ભાળ



શાન વધી નવ અસલી સાહેબની
ભેદ–ભરમ નવ તાગિયો
'અનામી'–અભાગિયો !

પ્રભુ ! ત્હારી શાનનો મહિમા નવ જાણ્યો
'અનામી'–અભાગિયો !
પ્રભુ ! ત્હારા દાનનો મહિમા નવ જાણ્યો,
'અનામી'–અભાગિયો !
આલમમાં અભાગિયો !

— ડૉ. રણજિત પટેલ (અનામી)

વાસના અથવા અહંતા–મમતાનું એક નાનુંસરખું બીજ પણ સાધકને માટે દુઃખદાયક ને અશાંતિકારક થઇ પડે છે.

યોગેશ્વરજી

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# A Mother's Touch

Everything a mother touches
in her loving way
Blossoms with her tender care
and brightens day by day.....

That's why we bring her
all our hopes,
our disappointments too,
Knowing of her special knack for
helping dreams come true.....

May be it's a word she says
that makes the sunshine start,
May be it's her endless faith that
really warms the heart.....

We may not know just what it is
that makes her mean so much
But everyday we thank god for
her loving "mother's touch."

Compiled by:-
**Kunal, Maitreyee, Pooja.**

# * માનો સ્પર્શ *

અરે જુઓ તો ખરા, આ મારી માનો સંસ્પર્શ જેને જેને થાય છે, તે બધી જ વસ્તુઓ તેની (પૂ. માની) નાજુક સંભાળના લીધે, વસંતના આગમનની જેમ, મહોરી ઊઠે છે અને દિનપ્રતિદિન વધુ પ્રકાશિત થતી રહે છે;

અને એ જાણીને જ આપણે આપણી બધી આશા-ઓને જ નહિ, કિન્તુ નિરાશાઓને પણ તેની સમક્ષ રજૂ કરી દઈએ છીએ,

કારણ,

આપણને ખબર છે કે એની પાસે એવી તો ખાસ ખૂબી છે જે સ્વપ્નોને પણ સાચાં કે વાસ્તવિક બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. સંભવ છે કે એના એક શબ્દે સૂર્ય પ્રકાશિત થઈ ઊઠે છે; અને એની અનંત શ્રદ્ધાના બળે નિરાશ હૈયાં ઉત્સાહિત બની જાય છે.

આ બધું કેમ અને શી રીતે બને છે, તે આપણે જાણતા નથી, કિન્તુ આપણે તો રોજ રોજ પ્રભુનો આભાર માનીએ છીએ કે એણે આવાં માના પ્રેમાળ સંસ્પર્શનો (અમને) અનુભવ કરાવ્યો.

(ભગિની બંધુ ત્રિપુટી–કુણાલ, મૈત્રેયી, પૂજા)
અનુવાદ : તંત્રી

# પરિવર્તનના સૂર્યનો પ્રકાશ પાથરે પ્રગતિનો ઉજાસ

શ્રી કેશુભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકાર રાજ્યના સામાજિક અને આર્થિક પરિવર્તનનાં લક્ષ્યની સિદ્ધિ માટે મહત્ત્વના અને ઝડપી પગલાં લઇ રહી છે. ગુજરાતની કાયાપલટ થઇ રહી છે અને વિકાસના સંગીન પંથે ગુજરાત ઝડપી પરિવર્તન પામી રહ્યું છે.

"આપણા ગુજરાતના સ્થાપના દિનના મંગલ પ્રસંગે, રાજ્યમાં આરંભાયેલા વિકાસ-યજ્ઞમાં સહભાગી થવા તમામ લોકોને હું આહ્‌વાન કરું છું."

— કેશુભાઇ પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત

## પરિવર્તન થકી સમૃદ્ધ ગુજરાત

- ગ્રામોત્થાનના દૃઢ નિર્ધાર સાથે ગોકુલ ગ્રામ યોજનાનો પ્રારંભ કરાયો. આગામી ત્રણ વર્ષમાં રાજ્યનાં ૧૮,૨૪૨ ગામોને આવરી લેવાશે.
- કલ્પસર પરિયોજના અંગેના પ્રોજેક્ટ રિપોર્ટની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાઇ.
- ઔદ્યોગિક નીતિની સમીક્ષા કરવા ખાસ સમિતિની રચના કરવામાં આવી.
- ઔદ્યોગિક મૂડીરોકાણ અને ઉત્પાદકતા વધારવાની સાથે માંદા કે બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ધબકતા કરવા નિર્ણય લેવાયો.
- રાજ્યમાં પરિવહન સેવાઓ સુધારવા વધુ ૧૫૦૦ નવી બસો મૂકાશે.
- અલંગ અને પીપાવાવ બંદરોને સ્ટેટ હાઇવે સાથે જોડવા નિર્ણય કરાયો.

## પરિવર્તન થકી સલામત ગુજરાત

- સરહદી સલામતીને પ્રાધાન્ય આપી રાજ્યકક્ષાના મંત્રીશ્રીને સ્વતંત્ર કામગીરી સોંપવામાં આવી.
- સરહદી સલામતી સુદૃઢ બનાવવા ૧૦ મુદ્દાનો કાર્યક્રમ તૈયાર કરી કેન્દ્રને સુપરત કરાયો.
- રાષ્ટ્રદ્રોહી તત્ત્વોદ્વારા ગુજરાતના યુવાધનને કેફી દ્રવ્યોના પતનનાં માર્ગે દોરી જતા રોકવા ગૃહવિભાગદ્વારા કેફી દ્રવ્યોની ગેરકાયદે હેરાફેરી સામે સખત ઝુંબેશ આરંભાઇ.
- યુવાનોને ગુનાહિત પ્રવૃત્તિમાંથી પાછા વાળવા સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવાયો.
- આતંકવાદીઓનો સામનો કરવા પોલીસ તંત્રને સુરક્ષાના અદ્યતન સાધનોથી સજ્જ કરાશે.
- ભેળસેળ કરનારાં ભ્રષ્ટાચારી તત્ત્વો સામે સખ્તાઇથી કાર્યવાહી આરંભાઇ.
- નાગરિકો પાસેથી ગૃહ વિભાગ અને નાગરિક પુરવઠા વિભાગને લગતી ફરિયાદો સ્વીકારવા ટેલિફોન સિસ્ટમ ઊભી કરાઇ.

## પરિવર્તન થકી સંસ્કારી ગુજરાત

- લોકોને વહીવટમાં ભાગીદાર બનાવવા તેમનાં રચનાત્મક સૂચનો સ્વીકારવા "પરિવર્તન સેલ" કાર્યરત કરાયું.
- લોકોમાં સરકારના વિશ્વાસના પ્રતીકરૂપ "જન વિશ્વાસ એક્સપ્રેસ" બસનો પ્રારંભ કરાયો.
- નોકરીના ઇન્ટર્વ્યૂ માટેના કોલ લેટર મેળવનારા ઉમેદવારોને જવા-આવવાનું ભાડું આપવા નિર્ણય કરાયો.
- ધોળાવીરાને પ્રવાસના સ્થળ તરીકે વિકસાવાશે.
- આચાર્યો, માધ્યમિક શિક્ષકોના પડતર પ્રશ્નોમાં હકારાત્મક વલણનો અભિગમ.
- શહેરીકરણના પ્રશ્નો ઉકેલવા સમિતિની રચના કરવામાં આવી.

## પરિવર્તન થકી સમરસ ગુજરાત

- અમદાવાદના નાગરિકોને "હેલ્થકાર્ડ" આપવાનો પ્રારંભ કરાયો.
- રાજ્યના ધોરીમાર્ગો પર માર્ગ અકસ્માતમાં તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી મોબાઇલ જીવનરક્ષા કેન્દ્રોનો પ્રારંભ કરાયો.
- જળસ્રાવ વિકાસ યોજનાના અમલ માટે સ્વૈચ્છિક સંસ્થાઓની પસંદગી કરાઇ.
- ગરીબી રેખા નીચેનાં ૩૩ લાખ જેટલાં કુટુંબનો ૩ રૂપિયે કિલો ચોખાનું વિતરણ શરૂ કરાયું.
- ૧૦૦ યુનિટ સુધીના વીજળી બિલમાં ૨૫ ટકા રાહત અપાશે.
- ૪૦૦ લાખ જેટલા ગ્રામીણ આવાસો બાંધવાની ઝુંબેશ હાથ ધરાઇ.
- આદિવાસી વિકાસ આયોજન બોર્ડ રચવાની જરૂરિયાતનો સ્વીકાર કરાયો.
- ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડનું ફલક અસરકારક બનાવાયું.

પરિવર્તનના લક્ષ્યની સિદ્ધિ કાજે, આવો પ્રતિજ્ઞાબદ્ધ થઇએ આજે.

જે લોકો રાતદિવસ બીજાના સુધારની જ વાતો કરે છે, તે બીજાની સાથે પોતાના સુધારની ઈચ્છા પણ કરે ને યોજના બનાવે તે જરૂરી છે. નહિ તો બીજા તો કદાચ સુધરી જશે, પણ તેનો પોતાનો સુધાર બાકી રહી જશે.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯
ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

## જપદ્વારા મનની શાંતિ

**પ્રશ્ન :** મારું મન જપ કરવા છતાં પણ શાંત નથી થતું તેનું કારણ શું હશે? તેને શાંત કરવા સારું શું કરવું જોઈએ?

**ઉત્તર :** મન જપ કરવા છતાં પણ શાંત ના થતું હોય તો તેનાં કારણો જુદાં જુદાં કેટલાંય હોઈ શકે છે. તે કારણોનો પાકો ને સાચો નિર્ણય તો તમે જ કરી શકો પરંતુ તેવા મનને શાંત કરવા માટે નામજપની સાધના ચાલુ રાખવી જોઈએ અને પ્રાર્થનાનો આધાર લેવો જોઈએ. નામજપની સાધના જેમ જેમ વધારે ને વધારે પ્રમાણમાં ચાલુ રહેશે તેમ તેમ મનને શાંત થવાનો માર્ગ મોકળો બનશે. માટે જપથી મન સહેલાઈથી અથવા ધારેલા સમયમાં શાંત ના થતું હોય તોપણ એ સાધનાને છોડી દેવાની નથી. વળી મનને શાંત કે સ્થિર કરવા માટે પ્રાર્થના કરતા શીખવું જોઈએ. પ્રાર્થનાની શક્તિ અદ્દભુત અને અમોઘ છે. તેની મદદથી ઈશ્વરની સાથે સંબંધ બંધાય છે તેમ જ ઈશ્વરના અનુગ્રહનો અનુભવ મળે છે. સાધકની ઉત્કટ ઉરથી થનારી પાર્થનાને સાંભળીને ઈશ્વર એની ઉપર પોતાની વિશેષ કૃપા વરસાવે છે અને એના ચંચળ મનને સહેલાઈથી શાંત કરે છે.

**પ્રશ્ન :** મન સંપૂર્ણપણે શાંત થાય તે પછી જ જપ કરવામાં આવે તો? તમને નથી લાગતું કે એ પદ્ધતિ વધારે સારી અથવા આશીર્વાદરૂપ પુરવાર થાય?

ઉત્તર : મન સંપૂર્ણપણે શાંત થશે તો પછી જપ કોણ કરશે? એ સંપૂર્ણપણે શાંત થાય ત્યાંસુધી બે હાથ જોડીને બેસી રહેવાથી કશું નહિ વળે. એને શાંત કરવા માટે તો જપ કરવાના છે અને એ કાર્યની સિદ્ધિ ક્રમશઃ ધીરે ધીરે થશે. એમાં આવશ્યકતાથી અધિક ઉતાવળ કરવાથી કશું નહિ વળે. માટે જપ કરવાનું કામ ચાલુ જ રાખો ને મનને શાંત કરવાનો પ્રયત્ન પણ કરતા રહો.

પ્રશ્ન : સામાન્ય રીતે કેટલા જપ કરવાથી મન શાંત થાય છે?

ઉત્તર : એનો કોઇ નિશ્ચિત સર્વસામાન્ય નિયમ નથી બાંધી શકાતો. એનો આધાર મુખ્યત્વે સાધકની કે જપ કરનારની અંતરંગ યોગ્યતા પર રહેતો હોય છે. સાધક પોતાના જીવનમાં દૈવીસંપત્તિની અને ઈશ્વરના પવિત્રતમ પ્રેમની પ્રતિષ્ઠા કરવાનો પ્રયત્ન કરતાં જપનો આધાર લેશે તો તેનું મન ધાર્યા કરતાં વધારે જલદી ને સહેલાઇથી શાંત થશે. એથી ઊલટું, જો તે જીવનની વિશુદ્ધિનું ને ઈશ્વરના પ્રેમના પ્રાકટ્યનું ધ્યાન જ નહિ રાખે ને તે દિશામાં તદ્દન મંદ ગતિએ ચાલતો હશે તો મનને શાંત કરવામાં ખૂબ જ વાર લાગશે. એટલું સાચું કે પોતાના જીવનની વિશુદ્ધિનો વિચાર કરીને સાધકે તે વિશુદ્ધિને સાધવાનો પ્રયાસ કરતાં કરતાં જેટલા બને તેટલા વધારે ને વધારે નામજપ કરવાનો આગ્રહ રાખવો જોઇએ. એવો આગ્રહ મનને શાંત કરવાની દિશામાં ને બીજી બધી રીતે ઉપકારક થઇ પડશે. કેટલા જપ કરવાથી મન શાંત થાય છે એવો પ્રશ્ન પૂછવાને બદલે જ્યાંસુધી મન સંપૂર્ણપણે શાંત ના થાય ત્યાંસુધી જપ અધૂરા છે એવું સમજીને જપ વધારે ને વધારે કરતા જ રહેવું જોઇએ. અંદરની યોગ્ય ભૂમિકાનું નિર્માણ થતાં કેટલીક વાર મનને શાંત કરવા માટે એકાદ જપ પણ પૂરતો થઇ



પડે છે અને અંદરની યોગ્ય ભૂમિકાના અભાવમાં કેટલીક વાર હજારો અને લાખો જપ પણ ઓછા પડે છે. આખોય સવાલ સાધનાનો છે અને સાધનાની પ્રક્રિયા પર આધાર રાખે છે. એમાં ઉત્તરરૂપે જપની કોઇ નિશ્ચિત સંખ્યાનો નિર્દેશ ના કરી શકાય એવો નિર્દેશ વાસ્તવિકતાથી વેગળો હોવાથી ન્યાયપુરઃસરનો ના કહેવાય.

## નિદ્રા તથા યોગનિદ્રા

પ્રશ્ન : નિદ્રા તથા યોગનિદ્રામાં કાંઇ તફાવત છે ખરો?

ઉત્તર : ઘણો મોટો તફાવત છે.

પ્રશ્ન : શો તફાવત છે?

ઉત્તર : નિદ્રાનો અનુભવ તો સામાન્ય રીતે સૌ કોઇને સારું સહજ હોય છે. મનુષ્યો જ નહિ પરંતુ પશુપક્ષીઓને પણ એનો અનુભવ થતો હોય છે. એના વિશે તો નાનામોટા સૌ કોઇ જાણે છે. પરંતુ યોગનિદ્રા જુદી જ વસ્તુ છે. નામજપ કરતાં કરતાં કે ધ્યાનનો આધાર લેતાં કોઇવાર મન સ્થિરતાનો અથવા એકાગ્રતાનો અનુભવ કરીને એકાએક લય પામે છે કે શાંત થાય છે. મનની અંતરંગ સાધનાદ્વારા પ્રાપ્ત થતી એવી અદ્ભુત અલૌકિક લયદશાને યોગનિદ્રા કહે છે. એવી યોગનિદ્રાની અવસ્થા જેને તેને નથી મળતી, કોઇ કોઇ વિરલ સાધકોને સાંપડતી હોય છે. એ અવસ્થા સાત્ત્વિક કહેવાય છે.

પ્રશ્ન : એને સમાધિનું નામ આપી શકાય કે ના આપી શકાય?

ઉત્તર : ના આપી શકાય. સમાધિ જુદી જ, વધારે ઊંડી વસ્તુ છે અને એ તો સમાધિના મંગલમય મહામંદિરના ઉદ્‌ઘાટનની

શરૂઆતની સહજ અવસ્થા હોય છે. એના અનુભવથી આનંદ અનુભવી, ઉત્સાહપૂર્વક આગળ વધવાથી સમાધિ મળે છે.

**પ્રશ્ન** : યોગનિદ્રામાંથી સૌને પસાર થવું પડે છે? સાધક-માત્રને?

**ઉત્તર** : એને માટેનો કોઇ નિશ્ચિત નિયમ નથી કરી શકાતો. છતાં પણ મોટા ભાગના સાધકોને એનો અનુભવ થતો હોય છે એ સાચું છે.

**પ્રશ્ન** : સમાધિ તથા સાક્ષાત્કાર એક છે?

**ઉત્તર** : ના. એ બંને જુદાં જુદાં છે. સમાધિ સાધન છે અને સાક્ષાત્કાર સાધ્ય. સમાધિનો લાંબા વખતનો અભ્યાસ સ્વરૂપના સાક્ષાત્કારમાં મહત્ત્વની મદદ પહોંચાડે છે. એ બંનેને એક કેવી રીતે કહી શકાય? બંનેમાં દેખીતો જ તફાવત છે.

**પ્રશ્ન** : તમે મુમુક્ષુને (ઇચ્છા હોય તો) ગમે તેટલા અંતરાયો છતાં સહાય કરી શકો છો તો તેમાં કઇ રીત કામે લગાડો છો? શક્ય હોય તો કહેજો.

**ઉત્તર** : મારાથી કોઇ મુમુક્ષુને મદદ મળી છે અથવા સહાય કરાઇ છે એવું તમને ખાતરીપૂર્વક લાગે છે ખરું? મને તો નથી લાગતું. મેં એવું કહ્યું પણ નથી. મારામાં બીજાને મદદ કરવાની શક્તિ છે જ ક્યાં? હું મદદ કરનાર છું જ કોણ? જે મદદ મળે છે તે ઈશ્વર તરફથી જ મળતી હોય છે. આપણે તો માત્ર માધ્યમ છીએ. કોઇવાર કોઇને માટે પ્રાર્થના કરું છું તે પણ ઈશ્વરને જ કરું છું. એના પરિણામે જે કોઇ સહાય આવે છે તે પણ ઈશ્વરની જ સહાય આવતી હોય છે. એના ઉપર મારો અધિકાર શા માટે રાખું એ અધિકાર ઈશ્વરનો જ રહે એ બરાબર છે.



**પ્રશ્ન** : મને તમારી સાથે તમારી સેવામાં રહેવાની છૂટ આપી શકશો?

**ઉત્તર** : ના. મારી એવી કોઇ સેવા નથી જેને માટે કોઇને સાથે રહેવાની છૂટ અપાય. તમે તમારી જ સેવા કરો અને તેને સારું હું જેની સતત સંનિધિમાં રહેવાની કોશિશ કરું છું તે પરમાત્માની સાથે રહેવાનો પ્રયાસ કરો. જીવનનું સાચું ને સંપૂર્ણ શ્રેય ત્યારે જ સાધી શકાશે. બને તેટલા વધારે ને વધારે નામજપ કરો, વધારે ને વધારે પ્રમાણમાં ધ્યાન ધરો, પ્રાર્થના તથા સત્સંગ-નો આધાર લો. અને આત્મનિરીક્ષણ તેમ જ આત્મવિકાસના માર્ગે આગળ વધો. એમ કરવાથી જીવનની સફળતા કે સંસિદ્ધિ સાંપડી શકાશે.

**પ્રશ્ન** : તોપણ તમારી સંનિધિમાં રહેવાની ઇચ્છા તો થાય છે જ.

**ઉત્તર** : એવી જ ઇચ્છા ઈશ્વરની સંનિધિમાં રહેવાની કરો એ અધિક ઉપયોગી અને આવકારદાયક થઇ પડશે. એ જ સંનિધિ સદાને માટે ઇચ્છવા જેવી છે. એને લીધે જ સાચું કલ્યાણ કરી શકાશે.

o

બ્રહ્મલીન સાક્ષાત્કારી સંત વંદનીય

# રંગ અવધૂત મહારાજ

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

### જન્મ ને જીવન પરિચય

જેમની જન્મશતાબ્દી હાલ ઉજવાઈ રહી છે તે વૈરાગ્ય, તપ, ત્યાગ, તિતિક્ષા, વિદ્વત્તા ને પાંડિત્યના સંવાદી દેવત્વ સ્વરૂપસમા સાક્ષાત્કારી સંત બ્રહ્મલીન રંગ અવધૂતનું મૂળ જન્મનામ પાંડુરંગ હતું. તેમનો જન્મ ગુજરાતના ગોધરા ખાતે તા. ૨૧ નવેમ્બર ૧૮૯૮ ના સં. ૧૯૫૫ કાર્તિક સુદ આઠમ યુક્ત નોમના સોમવાર-ના રોજ પ્રદોષ સમયે થયો હતો. તેમના પિતાનું નામ વિઠ્ઠલ સખારામ વાગમે (સરપોતદાર) અને માતાનું નામ રૂક્મિણી હતું.

તેઓ વડોદરા કોલેજના એવા જ બીજા સંત પૂ. મોટાના સહાધ્યાયી હતા ને બી. એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે જ ઇ. સ. ૧૯૧૯ ના વર્ષના જલિયાનવાલા હત્યાકાંડટાણે ગાંધીજીની હાકલ-ને માન આપીને તેમણે અસહકારની લડતમાં ઝંપલાવ્યું હતું. અને કોલેજ—અભ્યાસને તિલાંજલિ આપીને રાષ્ટ્ર—જાગૃતિ માટે સેવા-કાર્ય સ્વીકાર્યું હતું ને અમદાવાદના ગાંધી આશ્રમમાં રહેવા માંડયું હતું. તે વખતની તેમની ગાંધીજી સાથેની મુલાકાતમાં તેમની આત્મશ્રદ્ધા જોઈને ગાંધીજીએ ઉદ્‌ગાર કાઢયા હતા : "તમારા જેવા એકસો જુવાનો મળે તો સ્વરાજ હાથવેંતમાં જ છે."

સ્વામી આનંદ સાથે તેમણે 'નવજીવન'માં થોડો સમય કામ કરેલું. એ પછી 'ન્યાયદર્શક' છાપામાં 'ભાંગનો લોટો'નામક



વિભાગનું લેખન કરેલું. સંસ્કૃત ભાષામાં તેમની નિપુણતા જોઈ કાકાસાહેબ કાલેલકરે પોતાના સંસ્કૃત પુસ્તક 'સદ્‌બોધ શતક'ના શ્લોકો પર 'બાલબોધિની'નામક સંસ્કૃત ટીકા લખવાનું કામ સોંપેલું હતું. તેમની વિદ્વત્તા એટલી બધી હતી કે ત્યારે તેઓ વિદ્યાર્થીઓના વિશ્વકર્માસમા ગણાતા. ગાંધીજી સાથેની મુલાકાતમાં એક વખત તેમણે કહેલું : 'જે વખતે જે કામ કરવા જઈએ એમાં જ ધ્યાન કેન્દ્રિત કરીએ તો જ એ કામ સફળતાપૂર્વક મનમાની રીતે સિદ્ધ થાય.' આ કથનમાં તેમની મનોવૃત્તિ પ્રગટ થાય છે.

વિ. સં. ૧૯૮૧ ના માગસર માસમાં નર્મદામૈયાને તીરે સાધના માટે ગુજરાતના વડોદરા જિલ્લાના નારેશ્વર પાસે એક પુરાતન શિવાલયની જગ્યાના ગાઢ નિબિડ ભીષણ જંગલમાં પલાંઠી મારીને એકધારી ઉપાસના માટે તે જે બેઠા તે એવા બેઠા કે એમના અવિરત તપથી નાનકડું નારેશ્વર અવધૂત નિવાસ બનીને પવિત્ર તીર્થમાં પલટાઈ ગયું. તેમણે ત્યારે દત્તપુરાણના ૧૦૮ અનુષ્ઠાન આદર્યાં. આ કારણે સાક્ષાત્કારથી લાભાન્વિત થઈ ધન્યતા પ્રાપ્ત કરી હતી. તેમના ભક્ત સાધકવૃંદમાં તેઓ બાપજીના બિરુદથી ઓળખાતા હતા. પોતાનું સુખ બીજાને આપે તે સંત, સુખ બીજાનું લે એ નહિ. એવી જાતના તે સંત હતા.

### દત્તભક્તિના પ્રવર્તક

ગુજરાત ને ગુજરાતની બહાર તેમણે દત્તભક્તિનો પ્રસાર કર્યો અને સાધકભક્તોને નિત્યપાઠ માટે ઉપયોગી થાય એવું 'દત્તબાવની' સ્તોત્ર સરળ સાદી ને સુબોધ ગુજરાતી ભાષામાં રચી આપ્યું ને કહ્યું હતું : "હનુમાનચાલીસાના સ્મરણથી આ દત્તબાવનીની પ્રેરણા થઈ. ગુરુચરિત્રના અધ્યાય બાવન, વરસના અઠવાડિયાં બાવન આદિ અંતમાં સંકીર્તનનો પાઠ ફળદાયી. એમાં

શી શક્તિ છે તે દરેક જણ સ્વાનુભવથી જોઇ લે. પાઠ શુચિર્ભૂત થઇ બને તેટલી પવિત્રતાથી ભગવાન દત્તાત્રેય કે સદ્‌ગુરુનો ફોટો નજર સામે રાખીને અખંડ ધૂપ સાથે કરવો. શુચિર્ભૂતપણાની અને શ્રદ્ધાની માત્રા જેટલી વધારે તેટલો જ એની શક્તિનો પરચો વધારે... "તમને ગમે તો ઠીક, નહિ તો ફાડી નાંખજો" એવું પણ ત્યારે તેમણે કહેલું, પણ એ બાવની તો દત્તભક્તોમાં શ્વાસોચ્છ્‌વાસ જેવી બની ગઇ. હનુમાનભક્તોમાં જેવું સ્થાન હનુમાનચાલીસાનું ને રામભક્તોમાં રામરક્ષાસ્તોત્રનું છે તેવું દત્તભક્તોમાં દત્ત-બાવનીનું થઇ પડયું, શ્રદ્ધાપૂર્વક એનું સેવન કરનારને એમાં કલ્પવૃક્ષ સમી અદ્‌ભુત શક્તિનો અનુભવ થાય છે અને આધિ, વ્યાધિ, ઉપાધિના નિવારણ માટે તો એ એટમબોમ્બસમી બની ગઇ છે. એનું દેવનાગરી તથા પંજાબી ને બંગાળી આદિ ભાષા-લિપિમાં ય અવતરણ થવા પામ્યું છે. એની પાછળ રહેલી તેમની તપશ્ચર્યાને કારણે જ સંત શી સરળભાષામાં લખાયેલી ને દિવ્ય અનુભૂતિથી પાવન થયેલી એની પુનિત ભક્તિગંગાથી લાખો લોકો પવિત્ર થાય છે.

### સંતની ભજન પ્રસાદી

એવી જ એ સંતની દિવ્ય અનુભૂતિની પ્રસાદીરૂપ 'અવધૂતી રંગ'નામની ગઝલરચના એમના જ પત્રવ્યવહારમાંથી જે મળી આવી છે તે જોઇએ.

ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત!
નિરાકારી નિર્જચ્છાએ બન્યો સાકાર તું અવધૂત! ટેક.
ખૂનીનાં ખંજરોમાં તું, પ્રિયાનાં ચુંબનોમાં તું;
હરે! હરિગર્જનામાં તું રહ્યો પિફ્‌ફ્‌જને અવધૂત!



ગુલાબી ગાલમાં હસતો, ક્ષયીના હાડમાં વસતો;
બધે નિર્દ્વંદ્વ તું રમતો નિજાનંદે અહા અવધૂત!
વને યોગી થઇ વસતો, જગે ભોગી સમો ભમતો;
કદી રોગી સમો રડતો, અગમ લીલા કરી અવધૂત!
સદા પાસે છતાં આઘે અભાગીને અરે દિસતો;
સહુ રંગે અરંગી તું, હેલ તુજ રંગ કો અવધૂત!

અહીં ચોથી પંક્તિમાંના 'હરિગર્જના' શબ્દનો અર્થ 'સિંહ-ગર્જના' લેવાનો છે.

એવાં જ બીજાં દિવ્ય આરઝૂ વ્યક્ત કરતા તેમના ભજનમાં બાપજીની અનુપમ આગળ દૈવી ગાઢ ને સાક્ષાત્કારી ગૂઢ અનુ-ભૂતિની પ્રતીતિ થાય છે. સંતો બોલે યા લખે ઓછું, પણ જે લખે કે બોલે તે સચોટ ને પ્રભાવક જ હોય, એ કથનના દૃષ્ટાંતરૂપ એ રચના જુઓ–

એવો દિ દેખાડ, વ્હાલા! એવો દિ દેખાડ!!
દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ! ટેક.
ભૂલાવી હું મારું 'હં' ને તારામાં ડુબાડ,
વ્હાલા! તારામાં ડુબાડ!
તું–તારામાં ભેદન ન દેખું, એવો દિ દેખાડ!! એવો૦
જુગ જૂનાં બંધ નૈનાં, કાંઇ તો સૂઝાડ;
વ્હાલા, કાંઇ તો સૂઝાડ!
અંદર–બ્હારી તું ને દેખું, એવો દિ દેખાડ!! એવો૦
આપ્યું તેં તારાને આપી, રાચું મન મોઝાર;
વ્હાલા, રાચું મન મોઝાર!
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ!! એવો૦

ધાર્યું તેં થવાનું, મારી વ્યર્થ કાં પછાડ?
વ્હાલા, વ્યર્થ કાં પછાડ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ! એવો૦
રૂપરૂપે તું અરૂપી, 'રંગ' એ નિર્ધાર!
વ્હાલા, રંગ એ નિર્ધાર!
ગોત્યું જડે ન હું ક્યાંયે, એવો દિ દેખાડ!! એવો૦

બાપજીએ 'દત્તદશક' ને 'દત્તાષ્ટક'ની રચનામાં લખ્યું છે–

ઢૂંઢત દેખા જગતમેં સાર વસ્તુ હૈ એક,
જિન પાયે રબ પા લિયા દત્ત દત્ત કો ભેદ,
દયા દાન અરૂ દમન હે, દદાકા યહ ભેદ,
તત્તા વિષયાધ્યાસ હૈ તાકો તું કર ભેદ.

હરિદ્વારમાં સં. ૨૦૨૫ ના કાર્તિક વદ ૩૦ ના રોજ બ્રહ્મલીન પામેલા આ સંતનો અંતિમ સંસ્કાર માગસર સુદ ૨ ના રોજ નારેશ્વરમાં થવા પામ્યો.

### જીવનમંત્ર ને સદ્‌ઉપદેશ

'પરસ્પર દેવો ભવ' તેમનો જીવનમંત્ર છે. વળી તેમણે કહ્યું છે, "કોઈની પણ આંતરડી ઠારવી એ સારું દેવપૂજન છે. ભાવ-વિનાની ભક્તિ એ દંભ છે."

તેમનો સદુપદેશ આચાર્યશ્રી ડૉ. દિનેશ ઉપાધ્યાયે જે સરસ રીતે પદ્યમાં ગૂંથ્યો છે તે જોઈએ–

દૃષ્ટિએ દેવની જુઓ સૌને, દાનવની નહિ,
ઓળખો દૈવી ગુણોને વ્યક્તિના, આસુરી નહિ.
વાંચ્છી માંગલ્ય બીજાનું વિસ્તારો વિશ્વમાં બધે,
આચરો એકતા નિત્યે વિચારે, વાણી–વર્તને.



અભિશાપ નહિ, આપો આશીર્વાદ જ અન્યને,
ભલું ઇચ્છો ભૂંડુના ના, કરો રૂડું, કૂડું નહિ.
પોષવું અન્યને એવું કરો, શોષવું ના કદી,
ડૂબતાં ને તારતાં રહેજો, તરે તેને ના ડૂબાવશો.
ઉપકારી ઉરથી થઈએ, અપકારી તો કદી નહિ,
સારું છે બોલવું થોડું, કરવાં કાર્યો ઘણાં ઘણાં.
શીતળતા મસ્તકે હોય, ઉષ્ણતા હાથમાં–પગે,
સહિષ્ણુતા કેળવી જાણો, વિદ્વિષતા તો નહિ નહિ.
સત્કાર્યે સાર્થકતા પામો, દુષ્કાર્યો તો નિરર્થક,
સાચું બોલે મળે શાંતિ, અશાંતિ છે અસત્યમાં.
વાંચ્છો સકલનું શૈવ, માત્ર પોતાનું ના હજો,
જોવાના દોષ પોતાના, અન્યના ગુણને જોજો.
જિહ્વે રાખો પ્રભુનામ, હાથથી કાર્ય મંગલ,
સદા હૈયે ધરો હામ, રામના હનુમાન શી.
પ્રભુના ગુણરાગી થઈ, ધપ્યે જાઓ, ધપ્યે રહો,
વિજય અંતે તમારો છે, તમારો એ સદા રહો.

ઉમદા સંત હોવા છતાં પોતે તો નમ્રતા ધારીને કહેતા : "હું તો સર્વશક્તિમાન પ્રભુના દ્વારે રોટલાના એક શાશ્વત ટુકડા માટે એનું નામ ભસતાં પડી રહેતા એક નાચીઝ કુત્તાથી વધુ કાંઈ નથી."

(ક્રમશઃ)

પૂ. શ્રીના પત્રોમાંથી

# આધ્યાત્મિકતાનું અમૃત–૨

ડૉ. બી. જે. જાગાણી

પૂ. શ્રી યોગેશ્વરજીએ હિમાલયના નિવાસ દરમિયાન શ્રી નારાયણભાઇ, શ્રી ભાઇલાલભાઇ, શ્રી વિઠ્ઠલ પંડયા તથા પૂ. માતાજીને ૧૬૦ જેટલા પત્રો લખેલા. આ પત્રોનું પ્રકાશન "હિમાલયના પત્રો"નામના પુસ્તકથી થયું છે. પ્રત્યેક પત્રમાં આધ્યાત્મિકતા અને જીવન જીવવાનું ભાથું મળે છે. આપણને એના દ્વારા જીવન કેડી કંડારવામાં કંઇક વિશેષ મળશે એ હેતુથી પત્રોનો અર્ક મૂકવા અહીં પ્રયાસ કર્યો છે.

૧. તા. ૩૦ ઓક્ટોબર ૧૯૪૦ ના દિવસે પૂ. શ્રીએ નૂતન વર્ષની મંગલ કામના માટે એક પત્ર લખેલો. જેમાં પૃથ્વી પરના સકલ જીવો પ્રત્યે પૂ. શ્રીની કરુણાદૃષ્ટિનો અહેસાસ થાય છે. પૂ. શ્રીના હૃદયમાં જીવો પ્રત્યે નિર્વ્યાજ પ્રેમ છે એટલે જ તો શાંતિ, સુખ અને મુક્તિ મેળવવાના આશિર્વાદનો વરસાદ વરસાવે છે. પૂ. શ્રી લખે છે, "દુનિયાના પશ્ચિમ પ્રદેશની સ્થિતિ આજે કફોડી છે. ત્યાંની સંસ્કૃતિ ને ત્યાંનો સુધારો આજે પરપોટાની જેમ હવામાં અદૃશ્ય થતો લાગે છે. માનવો ને પશુઓની રે, મૂંગી ધરતીની વેદનાથી આખું આકાશ છવાઇ જાય છે. એ પરમ શક્તિની જ લીલા છે. આસુરીતત્ત્વનો નાશ દેવીતત્ત્વના ઉદય માટે જ છે. એ જ બતાવે છે કે ભારતનો ઉદય સમીપ છે. આપણે એ ઉદયમાં માનતા હોઇએ, જગતની શાંતિ પ્રત્યે આપણી લેશપણ સહાનુભૂતિ હોય, છે તો આપણે આપણા અંતરની શાંતિ સાધવા અવશ્ય



મથવું જોઇએ. આખું જગત પ્રેમમય બને એ આપણે ઇચ્છતા હોઇએ તો પહેલાં તો આપણા કુટુંબ પર ને આપણા સંબંધીઓ પર આપણે આપણા પ્રેમનો પ્રવાહ વહેવડાવવો જોઇએ. આ વસ્તુ બરાબર સમજી લેવી જોઇએ કેમ કે જગતની શાંતિ માટે મથનારા ને વિશ્વપ્રેમ માટે પ્રયત્ન કરનારાની નિષ્ફળતાનું કારણ એ જ હોય છે કે તેઓ પોતે તે શાંતિ ને પ્રેમથી દૂર હોય છે. આપણે પોતે તો પ્રેમ ને શાંતિથી ભરેલા છીએ. જગતનાં બંધન આપણને બાંધી શકવાનાં નથી. સંસારમાં રહીને પણ આપણે તો સ્મિત છોડયા કરવાના છીએ. આપણે પવિત્ર છીએ, મુક્ત છીએ, દિવ્ય છીએ. જન્મ ને મૃત્યુથી પર છીએ. સંસારમાં જે કામિની ને કાંચનની જાળ છે તે આપણે માટે નથી. આપણે તો વીર્યવાન છીએ. આપણે પૂર્વજન્મના ઋષિવર હતા, મુક્ત હતા, એક અમર કામને માટે અહીં આવ્યા છીએ."

કેટલો શક્તિનો સ્રોત આ પત્રમાં વહી રહ્યો છે? આ શક્તિ, પ્રેમ, મુક્તિ અને શાંતિ ક્યાં ક્યાં પડેલાં છે તે પૃથક્કરણની દૃષ્ટિએ જોઇએ તો જણાય છે કે :

**અ.** પશ્ચિમના દેશોમાં નરસંહારના સાધનો વધ્યાં છે. માનવીને શોભે નહીં તેવી સમાજ વ્યવસ્થા અને કુટુંબ વ્યવસ્થા ગોઠવાઇ છે. વિભક્ત કુટુંબ થયાં છે. પરિણામે કુટુંબના સભ્યો પણ છૂટા થયાં છે. મનની શાંતિ આપનારી ઘટનાઓનો પ્રાદુર્ભાવ થતો હોય તો પણ તેને મૂર્તિમંત કરનારું યાતાયાતનું માળખું ન હોય તો શાંતિ મળતી નથી. પૂ. શ્રીએ તો ૧૯૪૦ માં આ અશાંતિનું દૃશ્ય હિમાલયમાં બેઠાં બેઠાં જોઇને આપણને લાલબત્તી ધરી છે કે આ સંસ્કૃતિનું આંધળું અનુકરણ ના કરશો.

**બ.** તેમ છતાં પૂ. શ્રી આશાવાદી છે. જીવોના શરીરનો નાશ

કરવામાં બૌદ્ધિક કારણોને વશ થઈને પશ્ચિમના દેશો પાવરધા બન્યા છે પણ તેમાં એક આશાનું કિરણ જોઈને પૂ. શ્રી કહે છે કે, "આસુરી તત્ત્વોનો નાશ દેવીતત્ત્વોના ઉદય માટે જ છે." આ વાક્યની અસર આપણા જેવા સંવેદનશીલ વ્યક્તિઓ પર ભારે અને સારી પડે છે. ઘરમાંથી કચરો સાફ કરવો અને ઘરને સુવ્યવસ્થિત ગોઠવવું, બંને ઘટના ક્રમિક રીતે બને છે. માટે પૂ. શ્રી વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી આ નરસંહાર–જીવસંહારની ઘટનાને પરમશક્તિની લીલા છે એમ કહીને આપણને આધ્યાત્મિકતાની ગહન સમજ આપીને અંતરનાં દ્વાર ઊઘાડે છે.

ક. પરમશક્તિની સંહારક લીલાને જોઈને બેસી રહેવાની શીખ પૂ. શ્રી આપતા નથી. પૂ. શ્રી કહે છે કે, "ભારતનો ઉદય કરવો હોય તો, શાંતિ જોઈતી હોય તો, આપણા અંતરની શાંતિને સાધવા અવશ્ય મથવું જોઈએ." અંતરની શાંતિ એક વ્યક્તિની હોય અને અંતરની શાંતિ દેશમાં વસતા અનેક માણસની હોય તો પરિસ્થિતિમાં ઘણો ફેર પડે છે. એક વ્યક્તિ અંતરની શાંતિવાળી હોય તો તેને પોતાને જ વધારે ફાયદો થાય છે. પછી આવી વ્યક્તિનો સમૂહ હોય તો શાંતિનું વાતાવરણ સામુદાયિક બને છે અને જીવન માણવા જેવું છે એમ અચૂક લાગે છે. આડકતરી રીતે પૂ. શ્રી કહે છે કે શાંતિ પ્રાપ્તિ કરેલી વ્યક્તિઓએ અન્ય જીવોને શાંતિ મળી રહે તે માટે નીકળી પડવું જોઈએ અને પ્રયાસ કરવો જોઈએ. બીજો અછડતો ઈશારો એવો પણ છે કે શાંતિપ્રાપ્ત કરેલી વ્યક્તિઓનો સમૂહ જ્યાં વસતો હોય ત્યાં દાણચોરી, વ્યભિચાર, નશીલા પદાર્થોનું સેવન, ગંદાવસવાટો, લાંચ–રુશ્વત, ચોરી, આતંકવાદ, વગેરે ઘણાં દૂર રહે છે અને તેને દૂર કરવાના કૃત્રિમ ઉપાયો પાછળ રાષ્ટ્રની તિજોરીને થતો ખર્ચ પણ અટકે છે.



ડ. પૂ. શ્રી સમસ્યા પ્રત્યે પૃથક્કરણની દૃષ્ટિ આપીને તરત જ ઉકેલ પણ આપે છે કે, "આખું જગત પ્રેમમય બને એ આપણે ઈચ્છતા હોઈએ તો પહેલાં તો આપણે આપણા કુટુંબ પર ને આપણા સંબંધીઓ પર આપણે આપણા પ્રેમનો પ્રવાહ વહેવડાવવો જોઈએ."

આ વાક્યદ્વારા સંશોધનની પ્રયોગશાળામાંથી જેમ કેન્સરનો અમોઘ ઉપાય મળે તેમ પૂ. શ્રી પોતાની આધ્યાત્મિકતાની વૈયક્તિક પ્રયોગશાળામાંથી સમાજરૂપી વૃક્ષને લાગેલા રોગનો ઉપાય બતાવે છે. સામાન્ય રીતે આપણા કુટુંબીઓને પ્રેમ કરવાને બદલે આપણને સસ્તી કીર્તિ મળે ત્યાં આપણો શરતી પ્રેમ જલ્દી વહી જાય છે, કન્યા પરણીને સાસરે જાય તો સાસુને પ્રેમ કરવાને બદલે પોતાની માતા તરફ વધારે પ્રેમ વરસાવે છે, પરિણામે છૂટાછેડાનો જન્મ આપોઆપ થઈ જાય છે અને પછી તો અશાંતિનું એક જંગલ જ ખડું થઈ જાય છે.

વ્યક્તિના લગ્ન થાય એટલે મા–બાપને જુદા કરવામાં આવે. કારણ કે લગ્નજીવન પર શરૂઆતમાં વડીલોનું ગ્રહણ લાગતું હોય છે, તેમ તાજા યુગલો માને. પરિણામે જ્યારે સમસ્યાનો સામનો કરવાની ઘટના બને ત્યારે વડીલો તો વૃદ્ધાશ્રમમાં ભાવનાઓને કુંઠિત કરીને, સંસારને અસાર સમજીને ચાલ્યા ગયાં હોય છે.

પૂ. શ્રી આવા સંજોગોમાં કુટુંબરૂપી ધરુવાડિયામાં પ્રેમ જળનો ધોધ વહાવડાવવાનું કહે છે. આ ધરુંવાડિયું બરાબર પ્રેમથી ધરાઈ જાય ત્યાર પછી જ અન્યો પર પ્રેમ વહાવવો એવી આડકતરી શીખ આપે છે. ઘરની મા પથારીમાં સડતી હોય અને અનાથાશ્રમમાં કે વૃદ્ધાશ્રમમાં કહેવાતી આધ્યાત્મિકતા બતાવવા ફળો વહેંચવા જનારા અણસમજુ સાધકો જોવા મળશે. આવા

સાધકો કે પ્રેમીજનોને પૂ. શ્રી નાના–ટચૂકડા વાક્યદ્વારા પ્રકાશ પૂંજનો ઉઘાડ કરી આપે છે. વિશ્વ પ્રેમ–વિશ્વ શાંતિ, વિશ્વ મુક્તિ માટેનું બીજ કુટુંબ પરના પ્રેમથી રોપાય છે અને પાંગરે છે ત્યારે ખ્યાલ આવે છે કે આતો મોટું વૃક્ષ થઇ ગયું !

ઈ. આપણે તો સંસારના બંધનોમાં કોઇ જગ્યાએ ફસાઈએ નહીં તેવા છીએ એવી પ્રતીતિ દર્શનશાસ્ત્રોના સારસુખ વાક્યો–મંત્રોથી કરાવતા પૂ. શ્રી કહે છે કે, "સંસારમાં રહીને આપણે તો સ્મિત છોડયા કરવાના છીએ, આપણે પવિત્ર છીએ, મુક્ત છીએ, જન્મને મૃત્યુથી પર છીએ."

આત્મિક જગતમાં પ્રવેશ કરીને, અનુભવ કરીને જગતને ઉપાય બતાવવા પૂ. શ્રી આવ્યા છે તેમ જણાય છે. છેલ્લા વાક્યમાં સિંહની જેમ ગર્જના કરતા કહે છે કે 'કામિની–કાંચનની જાળ આપણા માટે નથી, આપણે તો વીર્યવાન છીએ, આપણે પૂર્વજન્મના ઋષિવર હતા, મુક્ત હતા, એક અમર કામને માટે અહીં આવ્યા છીએ.'

પૂ. શ્રીને પોતાના અનેક જન્મોનું જ્ઞાન થયું છે એ વાતને સમર્થન 'પ્રકાશના પંથે' પુસ્તકમાં મળે છે એટલે જ કહે છે કે આપણે ઋષિવર હતા. વળી કહે છે કે એક અમર કામને માટે અહીં (ધરતીપર) આવ્યા છીએ. અમર કામ એટલે જગત શાંતિ, મુક્તિ, પ્રેમનાં ધોધ વહેવડાવવો તે, સાચી સમજ, સાચી વ્યવસ્થા વગેરે. ધન્ય છે આ ધરતીને કે જેના પર પૂ. શ્રી જન્મ્યા અને આવા દિવ્ય સંદેશાઓ આપ્યા. આ પત્ર લખ્યો છે તે પણ આપણા જેવા જીવો પર અનુગ્રહ કહેવાય. નિમિત્ત ભલે પૂ. શ્રીના સંહાધ્યાયી–પ્રેમીજનો હોય પણ અમૃતજળના છાંટણાઓ આપણાં પર ઊડયા વિના રહેતાં નથી. (ક્રમશઃ)



મનને પાઠ ભણાવવાની

# શ્રી મસ્તરામજીની અનોખી રીત

અજ્ઞાત લેખક

મન પ્રપંચી પ્રપંચ ઊઠાવે, મન ભાગી જાવે હાથ ન આવે;
સત્પુરુષ મનકું સમજાવે, મસ્તરામ તો કહી સમજાવે. ૧
ચંચળ ચપળ મન જાણો મરકટ, નવા નવા ઊઠાવે તરકટ;
મન જીતવું અતિશય દુર્ગટ, મસ્તરામે દેખ્યું પરગટ. ૨
મન રહ્યું માયામેં મોહી, મનકો જિતી શકે નહિ કોઇ;
ત્યાગી પુરુષે મન કીધું મર્દન, મસ્તરામ કહે મારું ગર્દન. ૩
મન ભમરા તુંને ભોજન, આપું સુગંધી દાડી;
મસ્ત કહે રહે ન બેઠું, તો તોડી નાંખું જાડી. ૪

ચિત્ત–મન વિકારી છે. તેનું કાર્ય જ સંકલ્પ–વિકલ્પ કરવાનું છે. તે રાગનું સંગી છે; તમામ અનર્થનું મૂળ જ રાગ છે. રાગ ન હોય તો મન કોઇ પ્રપંચમાં પડે જ નહિ. કોઇ વિષયમાં ગુણ અગર સૌંદર્ય જોતાં જ માનવીને તે વિષયમાં રાગ ઉત્પન્ન થાય છે તેથી મન એ વિષયમાં પ્રવૃત્ત થાય છે. પણ જે વિષયમાં તે દુઃખ કે દોષ જુએ છે તે વિષય તરફ ફરી તે કદી નજર સરખું પણ કરતું નથી. આવો મનનો સ્વભાવ છે. મસ્તરામજી મહારાજે ઉપરની સાખિઓમાં મનનું સ્વરૂપ અને સ્વભાવ કેવો છે તે સ્પષ્ટ દર્શાવ્યું છે. મનને વશ કરવાનો ઉપાય ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને બતાવ્યો છે કે (૧) અભ્યાસ અને (૨) વૈરાગ્યવડે તે વશ કરી શકાય છે. મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં પણ એ જ ઉપાય દર્શાવ્યો છે. "અભ્યાસ વૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ" અર્થાત્ અભ્યાસ

તથા વૈરાગ્યવડે ચિત્તનો નિરોધ થાય છે. તેથી મન વશ કરવા માટે આ લોક કે પરલોકના તમામ પદાર્થોમાં દુઃખ અગર દોષ છે, એવું લાગવું જોઇએ. તો જ એ પદાર્થો પરથી મનનો અનુરાગ ઘટે છે. મસ્તરામજી મહારાજે મનપસંદ પદાર્થો પરથી મનનો અનુરાગ દૂર કરવા માટે લીધેલા માર્ગ ઘણાને અજબ લાગતા.

ચિત્તવૃત્તિને ભગવદ્દ્ચિંતનમાં નિયુક્ત કરી સાચી વૈરાગ્ય-વૃત્તિથી બાહ્ય તેમ જ અંદરનો ત્યાગ કરનાર પુરુષની સર્વ શાસ્ત્રો-એ પ્રસંશા જ કરી છે. વૈરાગ્યના રહસ્યનું વાસ્તવિક તત્ત્વ વિરક્ત મહાપુરુષો જ જાણે છે. જીવ–મુક્ત મહાત્મા જ વૈરાગ્યની પરા-કાષ્ટાએ પહોંચેલા હોય છે. કેમ કે તેઓ પરમાત્મ–રસમાં ડૂબેલા જ રહે છે અને વિષય–રસથી સર્વથા મુક્ત હોય છે. અને કદી કોઇ વખત તેમની ચિત્તવૃત્તિ કોઇ નિર્દોષ વિષયરસ તરફ ખેંચાઇ જાય છે ત્યારે ચિત્તવૃત્તિને પૂરેપૂરો પાઠ ભણાવી દઇ એવા વિષય તરફ તે કદી નજર સરખી પણ ન કરે એવા આકરા ઉપાય આવા જીવ–મુક્ત મહાત્મા લે છે. મસ્તરામજી મહારાજના જીવનમાં એવા બે અજબ પ્રસંગ ભક્તોએ નજરે નિહાળ્યાના દાખલા છે, જે નીચે નોંધવામાં આવ્યા છે. તે પરથી દરેક મુમુક્ષુએ સચોટ બોધ લેવા સરખું છે.

મસ્તરામજી મહારાજ એક વખત શિહોરમાં પધારેલા. સામાન્ય રીતે પોતે અહીં ત્રણ ચાર દિવસ મુકામ રાખતા. ઘણુંખરું નદીના કાંઠે પ્રગટેશ્વરની બાજુમાં ખુલ્લી જમીન પર જ પોતે રહેતા. ત્યાં આવ્યા પછી એક દહાડો તેમને ચા પીવાની મનોવૃત્તિ થઇ આવી. અલબત્ત તે વૃત્તિ સંતોષવાથી કોઇને અગર પોતાને ખાસ ભારે હાનિ સંસારી દૃષ્ટિએ થાય તેમ નહોતું. પણ આવી વૃત્તિ ચિત્તમાં ઊઠવા પામી તે જ પોતાના જેવા ત્યાગીને માટે સ્ખલનરૂપ છે, એમ તેમને લાગ્યું હશે. તેથી ચિત્ત એ વૃત્તિ તરફ ફરીથી કદી જ ન વળે તેવો તેમણે ઉપાય અજમાવવા નક્કી કર્યું. ચા પીવાની



વૃત્તિ ચિત્તમાં ઊઠતાં જ તે રાજગોર શેરીમાં ગયા અને પોતાના એક ભક્ત રાજ્યગોર બ્રાહ્મણ વિરેશ્વર નામે હતા તેને ઘેર આવીને બેઠા. વિપ્ર વિરેશ્વરે મહારાજને પ્રેમપૂર્વક માન આપી પ્રણામ કરી આસન પર બેસાડયા. મહારાજે તરત જ વિરેશ્વરને કહ્યું, "દેખ વિરેશ્વર ! આજ મારે ચા પીવી છે માટે તું ચા બનાવ પણ એક પ્યાલો જ નહિ. એક ઘડો ભરીને ચા બનાવજે. હું તે પી જઇશ.' વિરેશ્વરને અચંબો થયો. તેણે એક મોટું તપેલું ચૂલા પર મૂકાવી, ઘડો ભરી પાણી ઉકાળી અંદર ખાંડ, ચા તથા દૂધ જોઇતા પ્રમાણમાં નંખાવી ચા તૈયાર કરી. અને તે ગળીને એક ઘડામાં ભરી મહારાજની સામે એ ઘડો તથા એક છાલીયું ચા પીવા સારું મૂક્યાં. મહારાજે છાલીયાં ભરી ચા પીવા માંડી. પાંચેક છાલીયા ભરીને ચા પીધા પછી તેમને ઉબકા આવવા લાગ્યા. છતાં છઠ્ઠું છાલીયું ભરીને તેમણે મોઢે મૂક્યું. તેવી જ તેમને સખ્ત ઊલટી થઇ. પીધેલી ચા બહાર નીકળી ગઇ છતાં મહારાજે ચા પીધે જ રાખી અને દરેક છાલીયું પીતાં પીતાં મનને સંબોધીને કહેતા હતા કે ધરાઇને પી લેજે. અને તેમનું વોમીટ પણ ચાલુ જ રહ્યું. તો પણ એ ઘડામાંની બધી ચા તેઓ પી ગયા અને સખ્ત ઊલટીના હનરડા સહન કર્યાં. એ પ્રસંગ પછી મહારાજશ્રીએ ચા તરફ કદી નજર સરખી પણ કરી નથી.

એવો જ એક બીજો પ્રસંગ બોટાદમાં બનેલો. પોતે બોટાદમાં હતા ત્યારે એક દહાડો દૂધપાક ખાવાની તેમને અચાનક વૃત્તિ થઇ આવી. તેથી પેલી ચા પીવાની મનોવૃત્તિની માફક આ દૂધપાક ખાવાની ચિત્તની વૃત્તિને બરાબરપાઠ ભણાવી દેવાનો તેમણે વિચાર કર્યો. એક રજપૂત ભક્ત, વાડીખેતરવાળો હતો અને ગાય ભેંસનાં દુઝણાં સદા ઘેર રાખતો. મહારાજ પ્રાતઃકાળમાં ઊઠી તે ભક્તને ઘેર ગયા. તેણે મહારાજને પ્રણામ કરી આસન પર બેસાડયા. મહારાજે આવતાં જ કહ્યું કે, "આજે હું ભિક્ષા અહીં

જ લઈશ, ભિક્ષા માટે દૂધપાક તૈયાર કરાવજે. ખૂબ દૂધપાક બનાવજે." એમ કહી ચાલી નીકળ્યા. પેલા ભક્તે એકાદ મણ દૂધનો દૂધપાક બનાવી અંદર બદામ એલચી નાંખી મનગમતો તૈયાર કર્યો. મહારાજ બપોરે ભિક્ષા માટે એ ભક્તને ત્યાં પધાર્યાં. મહારાજને માટે ભાણું પીરસાયું અને તેમની પાસે પુરી, શાક, કઠોળ ઇત્યાદિ વાનીઓ થાળીમાં પીરસીને મૂકી તથા સાથે દૂધપાકનું છાલીયું મૂક્યું. મહારાજે થાળીમાંની કોઇ વસ્તુને હાથ પણ લગાડયો નહિ. પેલું દૂધપાકનું છાલીયું મોઢે માંડયું અને દૂધપાક પી ગયા. અને બીજો દૂધપાક મંગાવ્યો. પોતે છાલીયાં ઉપર છાલીયાં દૂધપાકનાં ભરી ભરીને પીવા માંડયાં. દરેક છાલીયાં પીધા પછી તેમને ઉબકા આવવા લાગ્યા. છતાં તેમણે દૂધપાક પીવાનું ચાલુ રાખ્યું. છેવટ સખ્ત ઊલટી થઇ. બધો દૂધપાક વોમીટમાં બહાર ઓકી કાઢયો. તે છતાં દૂધપાકનાં છાલીયાં ભરીને પરાણે પીતા હતા અને મનને–ચિત્તવૃત્તિને સંબોધીને કહેતા હતા કે ધરાઇ ધરાઇને દૂધપાક ખાઇ લેજે અને સાથે વોમીટ કરતા જતા હતા. છેવટ પેલાએ તૈયાર કરાવેલો બધો જ દૂધપાક તપેલામાં પૂરો થયો, ત્યારે કહે છે કે પોતાની આ ચિત્તવૃત્તિને સખ્ત પાઠ ભણાવી દેવા માટે મહારાજે પોતે વોમીટ કરેલો દૂધપાક છાલીયામાં હાથવડે ઉસરડીને પીધો જેથી એટલી સખ્ત ઊલટી થઇ કે પછી તો દૂધપાક સામે જોતાં જ તેમને સખ્ત ઉબકા આવવા લાગ્યા. પેલા રાજપૂત અને તેના ઘરનાં માણસો આ જોઇ તાજુબ થયાં અને વોમીટ કરેલા દૂધપાક પર રાખ લાવી નાંખવા લાગ્યા. પણ મહારાજ તો પોતાના મનને–ચિત્તવૃત્તિને સંબોધીને કહ્યે જ જતા હતા કે પૂરેપૂરો ધરવ કરી લેજે. આ પ્રસંગ પછી તેમણે દૂધપાકની સામું પણ કદી જોયું નથી. અલબત્ત પોતે મિષ્ટાન્ન જમતા જ નહિ. પણ ભક્ત ગળગળો થઇ આગ્રહ કરે તો એકાદ કોળીયો લઇ તે દૂર મૂકતા અને લૂખો રોટલો જ પોતે જમતા.



એક વખત બોટાદમાં મહારાજશ્રી માર્ગ પર ચાલી જતા હતા, તેવામાં પોતાના મકાન પાસે તેમને જતા જોઇ એક પટેલે પોતાને ત્યાં ભિક્ષા લેવા પધારવા વિનતિ કરી. મહારાજ તેની સાથે જઇ તેની ઓશરીમાં બેઠા. ઘરમાં જઇ રસોઇ કરતી પત્નીને ઘઉંના બે ખાખરા બનાવી જલદી ભાંગી ગોળ ઘી નાંખી લાડુ તૈયાર કરવા કહી આવ્યો. મહારાજ સાથે વાતો કરતો બેઠો. કલાકેક પછી ભાણું પીરસી મહારાજશ્રી પાસે મૂક્યું. તેમાં એકલા લાડુ પીરસેલા જોઇ મહારાજે ઊઠીને ચાલવા માંડયું. પેલો પટેલ પાછળ જઇ કરગરીને કહેવા લાગ્યો કે મારે ત્યાં ભિક્ષા કેમ લેતા નથી? મહારાજે કહ્યું કે, 'રોટી સિવાય બીજું કશું મારે ખપે નહિ.' પટેલે કહ્યું કે, 'હું રોટલો ને છાશની ભિક્ષા દઉં પણ આવો પધારો અને મારું અન્નોદક સ્વીકારો.'

એકવાર એક ગામમાં મહારાજશ્રીને પોતાના ઘર પાસેથી જતા જોઇ એક બાઇએ મહારાજને ભિક્ષા લેવા બોલાવ્યા. બાઇને તાલ જોવાની ઇચ્છા થઇ. થાળીમાં એક રોટલો અને સાથે મરચાંની ચટણીનો મોટો લાડુ જેવો ગોળો મૂક્યો અને મહારાજની પાસે મૂક્યું. મહારાજે રોટલો પ્રેમથી ખાધો પણ મરચાંનો લાડુ એમ જ રહેવા દીધો, તેથી પેલી બાઇએ કહ્યું કે, 'મહારાજ! આ લાડુ ભાણામાં પીરસેલ છે તે કેમ લેતા નથી? તે પણ આરોગો.' મહારાજની તિતિક્ષા જોવા તે આગ્રહ કરવા લાગી. મહારાજે તેની સામું એકવાર જોયું અને પછી આખો જ મરચાંનો લાડુ મોંમાં મૂકી પાણીમાં ઘૂંટડા સાથે તે ગળે ઉતાર્યો, એ જોઇ પેલી બાઇ દંગ થઇને જોઇ રહી અને મહારાજની ક્ષમા યાચવા લાગી. પણ મહારાજ હાથ ધોઇ, પાણી પી, તેનું પણ કલ્યાણ ઇચ્છી શાન્તિથી ત્યાંથી ચાલતા થયા.

# અડિયાર નદીના યોગીનો મેળાપ

મૂળ લેખક : પૉલ બ્રન્ટન

(મે, ૯૮ ના અંકથી આગળ) અનુવાદ : યોગેશ્વર

'હવે હું મોટો થયો. મારા બાપદાદાના ઘરનો અને દુન્યવી જીવનનો કાયમ માટે ત્યાગ કરીને સાચા ગુરુ માટે આજીવન શોધ કરવાનો મેં નિર્ણય કર્યો. એ પછી હું ઘેરથી અગિયારમા પરિભ્રમણ કે પ્રવાસે નીકળી પડયો. આમતેમ ફરતો ફરતો છેવટે હું તાંજોર જિલ્લાના એક મોટા ગામમાં આવી પહોંચ્યો. સવારના સ્નાન માટે નદીએ જઇને પાછળથી હું નદીના તટ પર ચાલવા માંડયો. થોડા વખતમાં તો રાતા પથ્થરનું એક નાનકડું મંદિર દેખાયું. એમાં દૃષ્ટિપાત કરતાં જ મને નવાઇ લાગી. એક નગ્ન જેવા માણસની આજુબાજુ કેટલાક લોકો વર્તુળાકારે બેઠા હતા. સાચું કહું તો એ માણસે કમર પર એક નાનોસરખો ટુકડો જ વીંટયો હતો. લોકો એની તરફ પૂજ્યભાવે જોયા કરતા. સૌની મધ્યમાં બેઠેલા એ માણસની મુખાકૃતિમાં કશુંક માન પેદા કરે તેવું, ગૌરવભર્યું, ને રહસ્યમય હતું. એથી પ્રભાવિત ને મુગ્ધ બનીને હું પ્રવેશદ્વાર પાસે ઊભો રહ્યો. મને જાણી લેતાં વાર ન લાગી કે એ નાનકડી સભાને કોઇ જાતનો ઉપદેશ અપાઇ રહ્યો છે અને સૌથી વચ્ચે બેઠેલો માણસ કેવળ પોથીપંડિત નથી; પરંતુ એક સાચો યોગી અને આદર્શ ગુરુ છે. એવી લાગણી શા માટે થઇ તેનો ખુલાસો મારાથી નથી કરી શકાય તેમ.

એટલામાં તો અચાનક એ પુરુષે પોતાનું મુખ બારણા તરફ



ફેરવ્યું અને અમારી આંખ એક થઇ. મારા આત્માના ભાવને અનુસરીને મેં મંદિરમાં પ્રવેશ કર્યો. એ પુરુષે મારો સ્નેહથી સત્કાર કરી, મને નીચે બેસવાની આજ્ઞા કરીને કહેવા માંડયું : 'છ મહિના પહેલાં તને શિષ્ય તરીકે સ્વીકારવાની મને સૂચના મળેલી. હવે તું આવી પહોંચ્યો.' મને સાનંદાશ્ચર્ય સાથે યાદ આવ્યું કે મારો અગિયારમો પ્રવાસ શરૂ કરવા માટે મેં બરાબર છ મહિનાથી જ ઘર છોડેલું. ગમે તેમ પણ એવી રીતે મને મારા ગુરુની પ્રાપ્તિ થઇ એ પછી એ જ્યાં જ્યાં ફર્યા ત્યાં હું એમની સાથે જ રહ્યો. કોઇક વાર એ શહેરોમાં જતા તો કોઇવાર એકાંત અરણ્ય કે નિર્જન જંગલોમાં જતા. એમની મદદથી મેં યોગ-માર્ગનો સારો અભ્યાસ કર્યો અને છેવટે સંતોષ પણ મેળવ્યો. મારા ગુરુનો માર્ગ શરીરસંયમનો હોવા છતાં એ એક મહાન અનુભવસંપન્ન યોગી હતા. યોગની પદ્ધતિઓ જુદી જુદી છે. એમની પ્રક્રિયાઓ અને રીતો એકમેકથી જુદી પડે છે. મને જે પદ્ધતિનું શિક્ષણ આપવામાં આવ્યું છે તે પદ્ધતિમાં મનને બદલે શરીરથી શરૂઆત કરવાની હોય છે. પ્રાણનો કાબૂ કરવાની વિદ્યા પણ મને શીખવવામાં આવી છે. યોગની એક શક્તિની પ્રાપ્તિ કરવા એક વાર મારે ચાલીસ દિવસના ઉપવાસ કરવા પડેલા.

'તમે કલ્પના કરી શકશો કે તે દિવસે મને કેટલું બધું આશ્ચર્ય થયું હશે, જ્યારે ગુરુએ મને બોલાવીને કહ્યું કે, 'સંસારના સંપૂર્ણ ત્યાગનો સમય હજુ તારા જીવનમાં નથી આવ્યો. એટલા માટે ઘેર જઇને સામાન્ય જીવન જીવવાની શરૂઆત કર. તારું લગ્ન થશે અને તારે એક સંતાન પણ થશે. ઓગણચાળીસમે વરસે તને કેટલાક સંકેતો મળશે. એ પછી તને સંસારનો ત્યાગ કરવાની સ્વતંત્રતા રહેશે. પછી વનમાં જઇને એકાંતમાં ધ્યાન કરીને

યોગીદ્વારા પ્રાપ્ત કરવાયોગ્ય ધ્યેયની પ્રાપ્તિ કરીશ. હું તારી રાહ જોઇશ અને તું મારી પાસે પાછો આવી જઇશ.'

'એમની આજ્ઞા પ્રમાણે હું મારા જન્મસ્થાનમાં પાછો ફર્યો. થોડા વખતમાં એક વિશ્વાસ પ્રેમી સ્ત્રી સાથે મારું લગ્ન થયું. એમનાથી મને મારા ગુરુએ ભવિષ્ય ભાખ્યા પ્રમાણે બરાબર એક જ સંતાન થયું. એ પછી થોડે વખતે મારી પત્ની મૃત્યુ પામી. મારા માબાપ પણ મૃત્યુ પામ્યાં હોવાથી, મને બાળપણથી જાણતી, મારા ગામની એક વિધવા સાથે અહીં આવીને રહેવા લાગ્યો. એ મારી બધી રીતે સંભાળ રાખે છે, અને ઉંમરની સાથે એનું ડહાપણ વધ્યું હોવાથી, યોગમાં સૂચવ્યા મુજબનો એકાંતવાસ કરવામાં એ મને મદદરૂપ થાય છે.'

બ્રહ્મે બોલવાનું બંધ. કર્યું. એમના ખુલાસાથી હું એટલો બધો પ્રભાવિત થયો કે મારી જીભ શાંત થઇ ગઇ, બે ત્રણ મિનિટની સંપૂર્ણ શાંતિ પછી યોગીએ ઊભા થઇને પોતાનું મોઢું ઘર તરફ ફેરવીને ધીરેથી ચાલવા માંડયું. પેલા બ્રાહ્મણે તથા મેં એમનું અનુકરણ કરવા માંડયું.

સુંદર તાડવૃક્ષોના સમૂહમાંથી અમારો રસ્તો આગળ વધતો'તો. તેજસ્વી સૂર્યપ્રકાશથી નદી પ્રકાશી ઊઠેલી. એના કિનારે ફરતાં ફરતાં અમારો કલાકેક જેટલો વખત પસાર થઇ ગયો. થોડા વખતમાં તો અમે માણસોની વસતિમાં આવી પહોંચ્યા. માછીમારો પ્રાચીન પદ્ધતિ પ્રમાણે કામ કરવા પાણીમાં ચાલતા હતા. નાવડી-માં બેસીને કે કિનારે રહીને માછલાં પકડવાને બદલે જાળ તથા ટોપલા લઇ એ કમરબૂડ પાણીમાં ઊભા રહેતા.

સુંદર પીંછાંવાળા પંખી નદી તરફ ઊડયા કરતાં એથી તો આખોય દેખાવ વધારે સુંદરતા ધારણ કરતો. દરિયાની દિશામાંથી અમારી તરફ વાતા મંદ મંદ ખુશનુમા પવનને લીધે વાતાવરણ થોડુંક સુગંધીદાર લાગતું. એટલામાં તો રસ્તો આવી પહોંચ્યો ને નદીનો ત્યાગ કરતાં મને ખેદ થયો. ધીમે સ્વરે બોલતું ડુક્કરનું ટોળું અમારી પાસેથી પસાર થયું. એમને હાંકનારી પછાત કોમની ભૂરા રંગવાળી સ્ત્રી એમના પર વાંસની લાકડીના પ્રહાર કર્યા કરતી.



બ્રહ્મે અમારી તરફ ફરીને આખરે અમારી વિદાય લીધી. મેં એમને ફરીથી મળવાની ઇચ્છા બતાવી. એમણે એ ઇચ્છાનો સ્વીકાર કર્યો. એ પછી મેં વધારે સાહસ કરીને પૂછી જોયું કે તે પોતે મારે ત્યાં પધારવાની કૃપા કરશે કે કેમ! મારા બ્રાહ્મણ સાથીદારના ઊંડા આશ્ચર્ય વચ્ચે યોગીએ સાંજના મને મળવા માટે આવવાની સત્વર હા પાડી.

અંધારું થવા આવ્યું એટલે બ્રહ્મના આગમનની હું આતુર-પૂર્વક રાહ જોવા માંડયો. મારા મનમાં ભાત ભાતના પ્રશ્નો ઘોળાવા લાગ્યા. એમની ટૂંકી આત્મકથા મને ભારે રહસ્યમય લાગેલી અને એમના વિચિત્ર વ્યવહારે મને નવાઇ પમાડેલી.

નોકરે એમના આવવાની ખબર આપી એટલે એમના સ્વાગતમાં ઓસરીમાંથી થોડાં પગથિયાં ઊતરી, બે હાથ જોડીને હું સામે ગયો. મેં થોડા જ વખતમાં શીખી લીધેલી હિંદુ સ્વાગત-ની એ સામાન્ય વિધિ પશ્ચિમના લોકોને જરા વિચિત્ર લાગશે. એ વિધિ સૂચવે છે કે 'મારો અને તમારો આત્મા એક જ છે. એ વિધિ હસ્તધૂનનનો ભારતીય વિકલ્પ હોવા છતાં. કોઇ અંગ્રેજ એ વિધિ કરી બતાવે છે ત્યારે એ ઘટના વિરલ હોવાથી, ભારત-વાસીઓને બહુ જ આનંદ આપે છે. મને સૌ કોઇ મિત્રભાવે સ્વીકારે એવી મારી ઇચ્છા રહે છે. એટલે મારી જાણ પ્રમાણેના

ભારતીય રીતરિવાજોને માન આપવાનો કે પાળવાનો હું પ્રયાસ કરું છું. એનો અર્થ એવો નથી કે હું કોઇ બીજા દેશનો થવા માગું છું:—એવી ઇચ્છા હું નથી રાખતો, પરંતુ બીજાની પાસેથી જેવા વર્તનની મારી અપેક્ષા છે, તેવું વર્તન બીજા પ્રત્યે રાખવાની પણ હું મારી ફરજ સમજું છું.

બ્રહ્મ મારી સાથે મોટા ઓરડામાં આવી પહોંચ્યા અને જમીન પર વિના વિલંબ પલાંઠી વાળીને બેસી ગયા.

'તમે આ ઊંચી બેઠક પર ન બેસો?' મેં એમને દુભાષિયા-દ્વારા પ્રશ્ન કર્યો : 'એ સરસ ગાદીવાળી તથા અત્યંત આરામદાયક છે.' પરંતુ એમને તો સખત જમીન જ વધારે પસંદ પડી. હિંદુસ્તાનનાં ઘરોની જમીનો લાકડાંથી નહિ પરંતુ લાદીઓથી જડેલી હોય છે.

એમની મુલાકાત બદલ મારી કૃતજ્ઞતા પ્રકટ કરીને એમની આગળ મેં ભોજન મૂક્યું. એને એમણે શાંતિથી આરોગવા માંડયું.

ભોજનવિધિ પૂરી થયા પછી મને લાગ્યું કે મારે વિશે અથવા તો એમના જીવનમાં થયેલા મારા આકસ્મિક પ્રવેશ વિશે એમને કાંઇ કહી બતાવું તો સારું. એટલા માટે મને ભારતમાં લઇ આવનારા પરિબળોનો મેં એમને ટૂંકમાં ખ્યાલ આપ્યો. અને અંતે, અત્યાર સુધી એકલતાના કિલ્લામાં છૂપાઇ રહેલા બ્રહ્મે એમાંથી બહાર આવીને મારા ખભા પર મૈત્રીભાવે હાથ મૂક્યો, ને કહ્યું :

'પશ્ચિમમાં તમારા જેવા મનુષ્યો વસે છે એ જાણીને આનંદ થાય છે. તમારી યાત્રા નકામી નથી ગઇ. કારણ કે તમને ઘણું ઘણું જાણવાનું મળશે. જે દિવસે પ્રારબ્ધે આપણને એક જ જગ્યાએ ભેગા કરી દીધા એ દિવસ મારે માટે સાચેસાચ સુખનો



દિવસ છે. તમારે જે પૂછવું હોય તે ખુશીથી પૂછો. મારી પ્રતિજ્ઞાની મર્યાદામાં રહીને તેના જવાબ હું જરૂર આપીશ.'

મને થયું કે મારું ભાગ્ય ખરેખર છે તો સારું. મેં એમની યોગપદ્ધતિ, એના ઇતિહાસ અને ધ્યેય વિશે માહિતી માગી.

'મેં જેનો અભ્યાસ કર્યો છે તે શરીરસંયમની સાધના કેટલી બધી જૂની છે તે કોણ કહી શકે? અમારા ગુપ્ત શાસ્ત્રગ્રંથો પરથી જાણી શકાય છે કે ભગવાન શંકરે ઘેરંડ મુનિને એનો ઉપદેશ આપેલો. ઘેરંડ મુનિ પાસેથી એનો ઉપદેશ માર્તન્ડેય મુનિએ ગ્રહણ કર્યો, માર્તન્ડેયે એ સાધના બીજાને શીખવી, અને એ પ્રમાણે હજારો વરસોથી એની પરંપરા ચાલતી આવી છે. ખરેખર કેટલાંક હજાર વરસથી એનો પ્રવાહ ચાલ્યા કરે છે તે તો કોણ જાણે, પરંતુ એટલું તો સાચું કે પ્રાચીન કાળની યોગવિદ્યામાં એ સૌથી છેલ્લી છે. એ દિવસોમાં પણ માનવનું એવું અધઃપતન થયું હતું કે શરીરદ્વારા મોક્ષ મેળવવાનો માર્ગ દેવોએ એની આગળ ખુલ્લો કર્યો. શરીરજયના એ યોગનું જ્ઞાન એના પર કાબૂ કરી ચૂકેલા સિદ્ધો સિવાય બીજાને બહુ જ ઓછું હોય છે. સામાન્ય લોકો તો એ પ્રાચીન વિદ્યા વિશે ઘણા ખોટા ખ્યાલો ધરાવતા હોય છે. એવા સિદ્ધ યોગી પુરુષોનું દર્શન અત્યંત દુર્લભ થઇ ગયું હોવાથી, લોકસમૂહના કોઇ પણ જાતના વિરોધ વગર, અમારી યોગપદ્ધતિને નામે કેટલીય મૂર્ખતાપૂર્ણ વિકૃત પ્રક્રિયાઓનો પ્રચાર થઇ રહ્યો છે. બનારસ જશો તો જોશો કે એક માણસ તીક્ષ્ણ ધારવાળા ખીલાની પથારી પર દિવસભર બેસે છે ને રાતભર સૂઇ રહે છે. બીજે ઠેકાણે એક એવા માણસનું દર્શન થશે કે જેણે એક હાથ અદ્ધર રાખ્યો છે. એ હાથ તદ્દન કૃશ તથા નકામો બની ગયો છે, અને એના નખ પણ કેટલાય ઇંચ લાંબા થયા છે. તમને

કહેવામાં આવશે કે એ બધા અમારી યોગપદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે, પણ ખરેખર એવું નથી સમજવાનું. એવા લોકો યોગના નામને કલંકિત કરે છે. લોકોને ચકિત કરવા માટે મૂર્ખાઇભરી પદ્ધતિઓનો આધાર લઇને શરીરને કષ્ટ આપવું એ અમારું ધ્યેય નથી સમજવાનું. પોતાને પીડા પહોંચાડનારા એ તપસ્વીઓ કેવળ અજ્ઞાની લોકો છે. કોઇ ચિત્ર કે ગપ્પીદાસદ્વારા કેટલીક ક્રિયાઓની માહિતી મેળવીને શરીર સાથે તેઓ તેના બળજબરીપૂર્વકના પ્રયોગો કરે છે. અમારા આદર્શોનું જ્ઞાન ન હોવાથી, એ ક્રિયા-પ્રક્રિયાઓને વિકૃત રૂપ આપીને તે લાંબા સમય સુધી કૃત્રિમ રીતે ચાલુ રાખે છે, તોપણ, સામાન્ય જનસમાજ એવા દાંભિક સાધુઓને માન આપે છે, અને વધારામાં અન્નવસ્ત્ર તથા પૈસા પણ પૂરા પાડે છે.'

'પરંતુ એમને જ દોષ દેવો શું બરાબર છે? સાચા યોગીઓ જો દુર્લભ હોય અને એ પણ પોતાની સાધનાને ગુપ્ત રાખતા હોય તો ગેરસમજૂતી થવાનો સંભવ રહે જ' મેં વિરોધી સૂર કાઢ્યો.

બ્રહ્મે ખભા હલાવ્યા. એમના મુખ પર ઉપેક્ષાભાવ ફરી વળ્યો.

'લોકોને બતાવવા માટે રાજા પોતાના રત્નોને જાહેર માર્ગપર મૂકી રાખે છે?' એમણે પ્રશ્ન કર્યો. 'ના. એ એમને પોતાના રાજમહેલની અંદરના ભાગમાં પોતાની તિજોરીમાં છુપાવી રાખે છે. અમારી યોગવિદ્યાનું જ્ઞાન માનવના મહામૂલ્યવાન ભંડારજેવું છે. એનું ભરબજારમાં એ સૌને માટે પ્રદર્શન કર્યા કરે? એ ભંડારને મેળવવાની ઇચ્છા હોય તે તેને માટે ભલે શોધ કરે. એ જ એક માર્ગ છે, અને સાચો માર્ગ છે. અમારાં શાસ્ત્રો અવાર-નવાર ગુપ્તતાની આજ્ઞા કરે છે, અને અમારા આચાર્યો પણ



ઓછામાં ઓછા થોડાક વરસો પોતાને વફાદાર રહ્યા હોય એવા, પરીક્ષામાં પાર ઊતરેલા શિષ્યોને જ અગત્યનું શિક્ષણ પૂરું પાડે છે. અમારો યોગ બધા યોગોમાં ઘણો ગૂઢ છે. એકલા શિષ્ય માટે જ નહિ પરંતુ બીજાને માટે પણ તે ભારે જોખમોથી ભરેલો છે. હવે તમે વિચારી જુઓ કે એના પ્રાથમિક સિદ્ધાંતો સિવાયના બીજા સિદ્ધાંતોની માહિતી, અને તે પણ પૂરેપૂરા વિવેક વગર, હું તમને આપી શકું?'

'બરાબર.'

'પરંતુ અમારા યોગની એક બાજુ વિશે હું તમારી સાથે વધારે છૂટથી વાત કરી શકું. એ બાજુ ઇચ્છાશક્તિને વધારવાની તથા શરૂઆતના સાધકોના શરીરને સુધારવાની તે વગર યોગની કઠિન ક્રિયાઓ સાધવાની યોગ્યતા ન મેળવી શકાય.'

'પશ્ચિમના લોકોને એમાં રસ પડશે.' (ક્રમશઃ)

## ૧૫મી ઓગસ્ટે પૂ. શ્રીના જન્મદિનની ઉજવણી

આ વર્ષે પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મદિન ૧૫ મી ઓગસ્ટની ઉજવણી સર્વમંગલ ટેરિટેબલ ટ્રસ્ટ તરફથી અમદાવાદ ખાતે કરવામાં આવનાર છે. તે માટેના કાર્યક્રમોનું આયોજન ટ્રસ્ટ તરફથી વિચારાઇ રહ્યું છે એટલે પૂ. શ્રીના તેમ જ પૂ. મા સર્વેશ્વરીના ભક્તો આ ઉજવણીમાં સારી રીતે ભાગ લે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. આ માટે શ્રી બાબુભાઇ વોરાનો અમદાવાદ ખાતે સંપર્ક કરે.

— તંત્રી

# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

રાવણનાં વચન સાંભળીને મેઘનાદનો ઉત્સાહ વધી ગયો.

બીજે દિવસે એ વાનરસેના સાથે યુદ્ધ કરવા માટે નીકળી પડયો.

લંકાની બહાર આવીને એણે ભયંકર ગર્જના કરી.

એ ગર્જના સાંભળીને અને એને ઓળખીને વાનરયોદ્ધાઓ એના પર તૂટી પડયા.

કેટલાક એના શરીર પર ચઢી ગયા તો કેટલાક એના પર પ્રહાર કરવા લાગ્યા.

બીજા દિવસના ઘોર યુદ્ધમાં એણે પોતાની માયાથી વાનર-સેનાને મોહિત કરી દીધી ત્યારે લક્ષ્મણે એની આગળ આવીને એને યુદ્ધ માટે લલકાર કર્યો.

'તારામાં સામર્થ્ય હોય તો મારી સામે આવી જા ને મારી શક્તિનો સ્વાદ ચાખ. સામાન્ય કોટિના વાનર યોદ્ધાઓને તારું પરાક્રમ શું બતાવી રહ્યો છે!'

મેઘનાદે લક્ષ્મણના પડકારને ઝીલી લીધો ને કહ્યું : 'તને તારા જીવનપર પ્રેમ ન હોય તો તું પણ આગળ આવ અને મારા પરાક્રમનો સ્વાદ ચાખ.'

બંને વચ્ચે ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું.



વાનરોએ પણ એ યુદ્ધમાં ભાગ લીધો.

પરંતુ અસાધારણ પરાક્રમ બતાવનારા લક્ષ્મણને માટે એ યુદ્ધ ભારે અપશુકનિયાળ નીવડયું. મધ્યાહ્‌ન પછીના યુદ્ધમાં મેઘનાદે જે મરણતોલ શક્તિપ્રયોગ કર્યો તેથી લક્ષ્મણ બેહોશ બની ગયો. છાતીમાં વાગેલી એ શક્તિ એને માટે અત્યંત અમંગલ થઇ પડી.

લક્ષ્મણને બેશુદ્ધ દશામાં ધરતી પર ઢળી પડેલો જોઇને મેઘનાદની પ્રસન્નતાનો પાર ન રહ્યો.

રાવણે એના મુખથી એના પરાક્રમની વાત જાણી ત્યારે એને પણ અતિશય આનંદ થયો.

એણે મેઘનાદને ભાવપૂર્વક ભેટી પડતાં કહ્યું : 'તારું લોકોત્તર સામર્થ્ય આજે સફળ થયું. આજે તેં યુદ્ધભૂમિમાં જે વિશેષ પરાક્રમ કરી બતાવ્યું તેથી વાનરસેના લંકા પર આક્રમણ કરવા માટે અફ્-સોસ કરી રહી હશે. રામ અને સુગ્રીવને પણ પોતાના દુસ્સાહસ બદલ દુઃખ થતું હશે. હવે મને સહેજ પણ શંકા નથી થતી કે, લક્ષ્મણની પેઠે રામ તથા સુગ્રીવને પણ તું ધરાશાયી કરી દેશે. એ તારી સામે નહિ ટકી શકે.'

લક્ષ્મણને યુદ્ધભૂમિ પર અચેતાવસ્થામાં ઢળી પડેલો જોઇને રામ, સુગ્રીવ તથા બીજા સૌના શોકનો પાર ન રહ્યો.

રામ એની પાસે બેસીને હૃદયમાંથી રુદન કરવા લાગ્યા.

એમને થયું કે લક્ષ્મણ જેવા ભાઇને ખોઇને અયોધ્યામાં જઇને હું શું મોઢું બતાવીશ? મારાથી અયોધ્યામાં જવાશે જ કેવી રીતે? મારી સાથે લક્ષ્મણને ન જોવાથી કૌશલ્યાદિ માતાઓ, સીતા તથા ઊર્મિલાની દશા કેવી થશે? ઊર્મિલાની દશા તો ખૂબ જ દુઃખમય થઇ પડશે. એણે લક્ષ્મણને કેટલા બધા પ્રેમ અને

ઉત્સાહથી મારી સાથે વનમાં આવવાની અનુમતિ આપેલી! લક્ષ્મણના પુનર્મિલનની પ્રતીક્ષામાં એ વનવાસની અવધિનાં વરસોને ગણતી બેસી રહી હશે. એ જ્યારે જાણશે કે સીતા મારી સાથે અયોધ્યામાં આવી છે પરંતુ એનો પ્રાણ પ્યારો લક્ષ્મણ નથી આવી શક્યો ત્યારે એની દશા કેટલી બધી કરુણ થઇ પડશે? એ જોઇને એ જીવતી જ નહિ રહી શકે. એ એ જ વખતે મૂર્છિત અને અચેત બની જશે.

થોડા વખત લગી એવી રીતે વિલાપ કરીને રામે પોતાની જાતને સંભાળી લીધી અને વિભીષણને કહ્યું : 'લક્ષ્મણને ઉગારવાનો બનતો બધો જ પ્રયાસ કરવામાં જરા પણ વિલંબ ન કરવો જોઇએ. એને ઉગારવા માટે શું થઇ શકે તેમ છે તે આપણે વિચારી જોઇએ.'

વિભીષણની સૂચનાનુસાર, રામની આજ્ઞાથી હનુમાન લંકાના સુપ્રસિદ્ધ સુષેણ વૈદ્યને લઇ આવ્યા.

એમણે લક્ષ્મણની નાડીનું નિરીક્ષણ કરીને જણાવ્યું : 'લક્ષ્મણ અચેતાવસ્થામાં છે એટલું જ, પરંતુ એમના જીવનનો અંત નથી આવ્યો. હજુ એમને માટે આશા છે. હિમાલયના પર્વત પર થનારી સંજીવની બૂટીને પ્રાતઃકાળ થતાં પહેલાં જો લાવી આપવામાં આવે તો એના પ્રયોગથી એમને જીવતા કરી શકાશે. બૂટીને એટલા અલ્પ વખતમાં લાવી આપવાનું કામ મોટી બહાદુરીનું છે, પરંતુ એમનું જીવન બચાવી લેવું હોય તો તેને કર્યા સિવાય છૂટકો નથી.'

રામે આજુબાજુ બેઠેલા બધા તરફ દૃષ્ટિ ફેરવી.

(ક્રમશઃ)

## * જાત પ્રત્યેનું કર્તવ્ય *

આજના ને બીજા કોઇયે યુગને માટે સાધન ને તેની વિચારણા જરૂરી છે. બહારની શોધો ગમે તેટલી થાય ને બહારની દુનિયામાં માણસ ગમે તેટલો આગળ વધે છતાં પોતાની અંદરની દુનિયા તરફ દૃષ્ટિપાત કર્યા વિના કે જોઇએ તેટલું ધ્યાન આપ્યા વિના માણસાઇને વધારીને તે પોતાનો અંતરંગ વિકાસ નહિ જ કરી શકે. જાતિ કે સમાજ ને કુટુંબ કે રાષ્ટ્ર પ્રત્યેનું તેનું કર્તવ્ય માનવામાં આવે છે તેમ તેનું પોતાની જાત પ્રત્યેનું કર્તવ્ય પણ છે. તેને બજાવવા ને પરિપૂર્ણ કરવા તેણે સદા તૈયાર રહેવાનું છે. આ વાત યાદ રહે તે જરૂરી છે. મોટે ભાગે માણસ આ વાતને ભૂલી જાય છે. બીજા બધા તરફની પોતાની ફરજની વાત કરનારો તે જાત તરફના કર્તવ્યને વારંવાર ભૂલી જાય છે. ને પોતાની જાતની શુદ્ધિ, સમૃદ્ધિ કે ઉન્નતિ માટે કશો જ ખાસ કે વિશેષ પુરુષાર્થ નથી કરતો એ અત્યંત આશ્ચર્યકારક ને દુઃખદ છતાં સાચું છે. બીજાની તરફના કર્તવ્યને અદા કરવા કે બીજાની સેવા સંગીન ને અસરકારક રીતે અલિપ્તભાવે કરી શકાય તે માટે પોતાની જાતની સેવા કરીને તેને વધારે ને વધારે શક્તિશાળી કરવાની જરૂર છે. એ વાત વિસરી ના જવાય તે જરૂરી છે. કેમ કે જેની પાસે પ્રકાશ નથી તે બીજાને પ્રકાશિત કેવી રીતે કરી શકશે?

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * આત્માની શક્તિની ખોજ જરૂરી *

સવિતર્ક સમાધિવડે પરમાત્માની નહિ, પણ પરમાત્માની સૃષ્ટિની નાનીમોટી બધી જ વાતોની માહિતી તે દ્વારા મળી શકે. આ વાત આપણામાંના કેટલાકને અજાયબી ભરેલી ને અતિશયોક્તિ ભરેલી લાગશે. પણ એમાં અજાયબી કે અતિશયોક્તિ જેવું કાંઈ જ નથી. અજાયબી લાગવાનું કારણ એટલું જ છે કે માણસે પોતાની દૃષ્ટિ ને શક્તિ હજી વિકસાવી નથી. તેની પોતાની અંદર શક્તિનો ભંડાર ભરેલો છે તેની તેને ભાગ્યે જ ખબર છે. તે શક્તિનો સંગ્રહ ને સદુપયોગ પણ તે ભાગ્યે જ કરે છે. પરિણામે મન, અંતર ને ઈન્દ્રિયોની શક્તિ અવિકસિત દશામાં જ રહી જાય છે અથવા તો વેડફાઈ જાય છે, તથા આત્મોન્નતિમાં આપવો જોઈએ તેવો ફાળો આપી શકતી નથી. માણસ જમીનમાં, અવકાશમાં, નદી ને સાગરમાં ને વરાળમાં શક્તિનું દર્શન કરી તે સૌના ઉપયોગની મોટી મોટી યોજનાઓ બનાવે છે. તે જોઈને આપણને આનંદ થાય છે. પરંતુ પોતાની અંદર પણ શક્તિનો મોટો ખજાનો પડેલો છે, ને તેના સદુપયોગથી ચમત્કારો સર્જી શકાય છે. ને જીવનને ઉજ્જવળમાં ઉજ્જવળ બનાવી શકાય છે, તે વાતનું તેને જોઈએ તેવું ભાન નથી એ ખરેખર ખેદજનક છે. એનું ધ્યાન રાખીને આપણા યોગી ને ઋષિવરોએ પોતાની જાતના વિકાસની સાધના કરી છે, ને પરિણામે તેમને જે મળ્યું છે તે તેમણે તદ્દન પ્રામાણિકપણે વાસ્તવિકતાને વફાદાર રહીને સૌના હિત માટે રજૂ કર્યું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.